**સુવિચાર**

સુંદર સત્યને થોડા શબ્દોમાં કહો પણ કુરૂપ સત્ય માટે કોઈ શબ્દ ન વાપરો...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




નામચીન શખ્સના ત્રાસથી સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સરે કર્યો આપઘાતનો પ્રયાસ P-4


Year-16, Issue-113 ■ DATE : 21-08-2025 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


# ગુજરાત જનવિશ્વાસ બીલ-૨૦૨૫ને કેબીનેટની લીલીઝંડી

## જેલ સજાનો ભય દેખાડતા ૧૧ જેટલા કાનૂનને રાજય સરકાર સુધારશેઃ હવેથી અધિકારીઓ કાનૂનનો ડર દેખાડી ભ્રષ્ટાચાર કરી શકશે નહીંઃ નાના અપરાધ માટે જેલ સજાની જોગવાઇ નાબૂદ કરવાના પ્રસ્તાવીત સુધારાને પણ મંજૂરી

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

ગુજરાતમાં ઈઝ-ઓફ ડુઈંગ બીઝનેસ- વ્યાપાર- ધંધામાં સરળતા અને રોજબરોજના કામકાજમાં પણ કાનુની મુશ્કેલીઓ ઘટે તે હેતુથી કેન્દ્રની તરાહ પર રાજયમાં ગુજરાત જનવિશ્વાસ બિલ-૨૦૨૫ને ગઈકાલે રાજયની કેબીનેટ બેઠકમાં મંજુરી અપાઈ છે અને હવે આ ખરડો આગામી માસમાં મળનાર રાજય વિધાનસભામાં મંજુરી માટે રજુ કરાશે.

આ નવા જનવિશ્વાસ (જોગવાઈ સુધારા) ખરડા-૨૦૨૫ હેઠળ રાજયના ૧૧ જેટલા કાનૂનની અનેક જોગવાઈઓમાં જેલ સજા સહિતની જોગવાઈઓને સ્થાને નાણાકીય દંડ સહિતની જોગવાઈ છે. વ્યાપાર-ધંધામાં રોજબરોજના વ્યવહારોમાં આ પ્રમાણે આકરી જોગવાઈઓનો જે ડર છે તે નાબૂદ થશે.

ઈઝ-ઓફ-ડુઈંગ બિઝનેસ એ આજે મોટો પડકાર બની ગયો છે અને તેથી સરકાર વ્યાપાર-ઉદ્યોગને કોઈ ડર કે ખચકાટ વગર તેના કામકાજ યોગ્ય રીતે કરી શકે તે જોવા માંગે છે. જેમાં હવે નાના અપરાધમાં ધરપકડ-જેલ-નો હાઉ દુર કરાશે તથા વ્યાપાર-ઉદ્યોગ સાથે સામાન્ય લોકોને પણ સરળતા રહે તે સરકાર જોવા માંગે છે.

સરકાર માને છે કે આ પ્રકારની નાના અને સામાન્ય અપરાધમાં પણ



જે રીતે કાનૂની આકરી કલમની જોગવાઈઓ છે તેનાથી વ્યાપાર-ધંધાના વિકાસને પણ અસર થાય છે તેના બદલે દંડ વિ. જોગવાઈથી રાહત થશે.

આ માટે સરકારે હાલના ૧૧ જેટલા કાનૂનોની અનેક જોગવાઈઓમાં ફેરફારનો નિર્ણય લીધો છે. ગુજરાત પ્રોવિઝનલ મ્યુનીસીપલ કોર્પોરેશન એકટ, શોપ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટ એકટ, લેબર વેલફેર ફંડ એકટ જેવા કાનૂનમાં અનેક જોગવાઈ હાલના વ્યાપાર-ધંધાના નવા બનેલા વાતાવરણને અનુરૂપ પણ નથી.

લેબર-કામદાર કાનૂન હેઠળ માલીક નાના અપરાધમાં પણ જેલ થઈ શકે છે. આવી અનેક જોગવાઈ છે દુર કરાશે. ધરપકડ-જેલનો ડર બતાવશે. સરકારી અધિકારીઓને પણ ભ્રષ્ટાચારની તક મળે છે તે રહેશે નહી.

આ પ્રસ્તાવિત ખરડામાં ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ એકટ (૧૯૬૨) મ્યુનીસીપલ એકટ (૧૯૬૩) એપીએમસી એકટ, ડોમેસ્ટીક વોટર સપ્લાય એકટ, ટાઉન પ્લાનીંગ એકટ, ઈલેકટ્રીક ડયુટી એકટ સહિતના કાનૂનનો પણ સમાવેશ થાય છે જેના કારણે જે રીતે કાનુની-અદાલતી કાર્યવાહીનો બોજો મળે છે તે પણ દુર થશે. વ્યાપાર-ઉદ્યોગ વધુ મુકત રીતે કામ કરી શકશે તથા ભ્રષ્ટાચાર પણ ઘટશે.

# ટ્રમ્પના ટેરિફ સામે ભારત માટે ઢાલ બનતું રશિયા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલા ૫૦% ટેરિફનો ઉકેલ શોધી લીધો છે. આ માટે ભારતનું જુનું મિત્ર રશિયા ફરી એકવાર ઢાલ બનીને સામે આવ્યું છે. ભારત અને રશિયાના નેતૃત્વ હેઠળના યુરેશિયા બ્લોક (EAEU - યુરેશિયન ઈકોનોમિક યુનિયન) વચ્ચે વેપાર સમજૂતી માટે વાતચીત શરૂ થઈ ગઈ છે. બુધવારે મોસ્કોમાં ભારત અને EAEU એ મુક્ત વેપાર કરાર (FTA) માટે વાતચીત શરૂ કરવા માટે 'ટર્મ્સ ઑફ રેફરન્સ' પર હસ્તાક્ષર કર્યા. આ પગલું ભારત અને અમેરિકા વચ્ચે વધતા વેપારી તણાવ વચ્ચે લેવામાં આવ્યું છે. વિદેશ મંત્રી એસ. જયશંકર હાલમાં રશિયાના પ્રવાસે છે અને આ કરારો આ દરમિયાન થયા છે.

EAEUમાં આર્મેનિયા, બેલારુસ, કઝાકિસ્તાન, કિર્ગીઝ પ્રજાસત્તાક અને રશિયન ફેડરેશન સામેલ છે. ભારતે તાજેતરમાં ઇંગ્લેન્ડ સાથે FTA પર હસ્તાક્ષર કર્યા છે અને યુરોપિયન યુનિયન (EU) સાથે પણ એક સમજૂતી માટે વાતચીત ચાલી રહી છે.

ભારત અમેરિકા સાથેના વેપારી તણાવ વચ્ચે નવા વેપારી અવસર શોધી રહ્યું છે. આ FTA ફક્ત ભારત માટે નવા બજાર જ નહીં ખોલે, પરંતુ રશિયા સાથેના આર્થિક સંબંધોને પણ મજબૂત બનાવશે. રશિયા EAEUમાં



ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર છે અને આ બ્લોક સાથે ભારતના કુલ વેપારનો ૯૨%થી વધુ હિસ્સો ધરાવે છે. તેમજ ૨૦૨૪માં ભારત અને EAEU વચ્ચે વધતા વેપારી કારોબાર ૬૯ બિલિયન અમેરિકી ડોલર સુધી પહોંચી ગયો છે.

આ પ્રસ્તાવિત FTA (મુક્ત વેપાર કરાર)નું મહત્ત્વ તેની વિશાળ આર્થિક ક્ષમતામાં રહેલું છે, કારણ કે બંને પક્ષોનો સંયુક્ત કુલ ઘરેલુ ઉત્પાદન (GDP) $6.5 ટ્રિલિયન છે. આ કરાર ભારતીય નિકાસકારો માટે બજારની પહોંચને વિસ્તૃત કરશે, નવા ક્ષેત્રો અને ભૌગોલિક વિસ્તારોમાં વૈવિધ્યકરણને ટેકો આપશે, બિન-બજાર અર્થવ્યવસ્થા સામે સ્પર્ધા વધારશે અને સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને લાભ પહોંચાડશે.

# સૌરાષ્ટ્ર પર હજુ પાંચ ભારે સિસ્ટમ સક્રિય

## દરિયાકાંઠાના વિસ્તારમાં ભારે વરસાદથી ખેતરોમાં પાણી ભરાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત-સૌરાષ્ટ્ર ઉપર મેઘરાજાની મહેર યથાવત રહી છે અને છેલ્લા ૨૪ કલાક દરમ્યાન રાજયના ૨૨૬ તાલુકાઓમાં ૦॥થી માંડી ૧૩.૫ ઈંચ સુધીનો ધોધમાર વરસાદ વરસ્યો છે.

ખાસ કરીને સોરઠ, પોરબંદર, ભાવનગર, દ્વારકા, નવસારી, વલસાડ, સુરત અને તાપી જિલ્લામાં ૪ થી માંડી ૧૩.૫ ઈંચ સુધીનો વરસાદ પડયો છે. સૌરાષ્ટ્રના દરિયાકાંઠા તરબોળ થયા છે.

ફલડ સેલમાંથી પ્રાપ્ત વધુ વિગતો મુજબ સોરઠનાં મેંદરડામાં ૧૩.૫



ઈંચ, કેશોદમાં ૧૧.૫ ઈંચ, વંથલીમાં ૧૦.૫ ઈંચ, પોરબંદર શહેરમાં ૧૦.૫ ઈંચ તથા નવસારીનાં ગણદેવીમાં ૯.૫, વલસાડનાં કપરડામાં ૮.૫, જુનાગઢનાં માણાવદરમાં સવા આઠ ઈંચ, નવસારીનાં ચિખલીમાં ૮ ઈંચ, પોરબંદરનાં કુતિયાણામાં ૭, રાણાવાવમાં ૬.૬૯ ઈંચ વરસાદ વરસ્યો હતો.

તથા તાપીના ડોલવાણમાં ૬॥, નવસારી શહેરમાં ૬, ગીર સોમનાથના તલાલામાં પોણા છ ઈંચ, જુનાગઢનાં માંગરોળમાં ૫.૫, ભાવનગરનાં મહુવામાં ૫૫.૫ ઈંચ, જામનગરનાં કાલાવડમાં ૫ ઈંચ, દ્વારકામાં ૪.૫ ઈંચ, અમરેલીના રાજુલમાં ૪.૨૫ ઈંચ, રાજકોટ શહેરમાં ૨.૫ ઈંચ, કોટડા સાંગાણીમાં ૧ ઈંચ, પડધરીમાં ૧ ઈંચ, મોરબીના ટંકારામાં ૧ ઈંચ, કચ્છનાં ગાંધીધામમાં ૧.૫ વરસાદ વરસ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે હજુ પણ સૌરાષ્ટ્ર-ગુજરાતમાં એક સાથે પાંચ વરસાદી સિસ્ટમ સક્રિય હોય આજે દ્વારકા જિલ્લામાં અતિ ભારે અને રાજકોટ, જામનગર, પોરબંદર, જુનાગઢ, મોરબી અને કચ્છ જિલ્લામાં ભારે વરસાદની આગાહી હવામાન ખાતા એ કરી છે.

ભાવનગરમાં આજે પણ ભારે વરસાદની આગાહી છે. જોકે સવારે છ થી આઠ બે કલાક દરમિયાન સવારે તડકો નીકળ્યો હતો. મહુવા પંથકમાં વહેલી ગઈ રાતથી જ ધોધમાર વરસાદ પડી રહ્યો છે. મહુવામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન સાત ઈંચ વરસાદ ખાબક્યો છે. ભારે વરસાદથી સર્વત્ર જળબંબાકાર ની સ્થિતિ ઊભી થઈ છે. મહુવાની માલણ નદી બે કાંઠે વહેતી થઈ છે. ભારે વરસાદથી જનજીવન પ્રભાવિત થયું છે. ભાવનગર જિલ્લામાં આજે સવારે ૬ વાગ્યે પુરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન સુધીના વરસાદના આંકડા જોઈએ તો, વલ્લભીપુર - ૨ મી.મી., ઉમરાળા -૬ મી.મી., ભાવનગર ૧૧ મિ.મી., ઘોઘા -૪૪ મિમી, સિહોર -૧૬ મિ.મી., ગારીયાધાર -૧૧૧ મિ.મી., પાલીતાણા -૫૦ મિ.મી., તળાજા ૩૨ મિ.મી., મહુવા - ૧૩૫ મિ.મી. તથા જેસર ૬૭ મિમી વરસાદ વરસી ગયો હતો. આમ ભાવનગર જિલ્લામાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે.

# ખોટી રીતે ગરીબોનું રાશન ચાંઉ કરી જનાર શંકાસ્પદોની ઓળખ

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ લાભાર્થીઓની ગુજરાતમાં ચાલી રહેલી ચકાસણીમાં ચોંકાવનારા તારણો બહાર આવ્યા છે કંપનીના ડિરેક્ટરોથી લઈને ઉચ્ચ આવક ધરાવતા વ્યાવસાયિકો સુધીના હજારો રેશનકાર્ડ ધારકો ગરીબો માટેના લાભ મેળવતા હોય તેવું લાગે છે. GST ડેટા અનુસાર, ૨,૦૦૨ લાભાર્થીઓનું ટર્નઓવર રૂ. ૨૫ લાખથી વધુ છે, જ્યારે આવકવેરા વિભાગની માહિતી અનુસાર ૭૯,૪૫૪ લાભાર્થીઓની વાર્ષિક આવક રૂ. ૬ લાખથી વધુ છે. કુલ મળીને, ૫૬.૫૮ લાખ લાભાર્થીઓને શંકાસ્પદ તરીકે ચિતિ કરવામાં આવ્યા છે. અધિકારીઓ હવે તેમને નોન-NFSA તરીકે ફરીથી વર્ગીકૃત કરતા પહેલા તેમની પાત્રતાની ચકાસણી કરી રહ્યા છે.

રાજ્યના ખાદ્ય અને નાગરિક પુરવઠા વિભાગ કેન્દ્ર સરકારના નિર્દેશો પર સબસિડીવાળા અનાજ મેળવતા અયોગ્ય લાભાર્થીઓને દૂર કરવા માટે ચકાસણી હાથ ધરી રહ્યું છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ કવાયત જાહેર વિતરણ વ્યવસ્થામાં લીકેજને



રોકવામાં મદદ કરશે. ઘણા કિસ્સાઓમાં, રેશનકાર્ડ ફક્ત ઓળખ દસ્તાવેજો તરીકે મેળવવામાં આવ્યા હોય તેવું લાગે છે. આ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે ૬૨% શંકાસ્પદ લાભાર્થીઓએ ગયા વર્ષે તેમના કાર્ડનો ઉપયોગ કર્યો નથી, વિભાગના એક અધિકારીએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ૩.૬૦ કરોડ NFSA રેશનકાર્ડ ધારકો છે. કેન્દ્ર સરકારે રાજ્ય ચકાસણી માટે ૫૬.૫૮ લાખ લાભાર્થીઓને શંકાસ્પદ તરીકે ચિતિ કર્યા છે. અન્ય એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ચકાસણી એક ચાલુ પ્રક્રિયા છે. કેન્દ્ર સરકાર શંકાસ્પદ NFSA રેશનકાર્ડ ધારકોની વિગતો અપડેટ કરતી રહે છે, અને રાજ્ય સરકાર આવા રેશનકાર્ડ ધારકોની અધિકૃતતાની ચકાસણી કરે છે.

ચકાસણી પૂર્ણ થયા પછી, FCS વિભાગ અયોગ્ય લાભાર્થીઓના નામ નોન- તરીકે પુનઃવર્ગીકરણ માટેમામલતદારોને મોકલશે, એમ વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. ચકાસાયેલા લાભાર્થીઓને જો તેઓ માને છે કે તેઓ લાયક રહે છે તો દસ્તાવેજો સબમિટ કરવા માટે આમંત્રિત કરવામાં આવશે. જો માન્ય પુરાવા પૂરા પાડવામાં આવે, તો તેમના રેશનકાર્ડ રદ કરવામાં આવશે નહીં, રાજ્યના ખાદ્ય મંત્રી કુંવરજી બાવળિયાએ ગયા અઠવાડિયે સ્પષ્ટતા કરી હતી.

NFSA પોર્ટલ અનુસાર, NFSA દેશની ગ્રામીણ વસ્તીના લગભગ ૭૫% અને શહેરી વસ્તીના લગભગ ૫૦%ને આવરી લે છે. આ કાયદા હેઠળ બે યોજનાઓ લાગુ કરવામાં આવી રહી છેઃ અંત્યોદય અન્ન યોજના અને પ્રાથમિકતા ઘરો. લાભાર્થીઓ, જે સૌથી ગરીબ માનવામાં આવે છે, તેમને ૩૫ કિલો સબસિડીવાળું અનાજ મળે છે, જ્યારે ભ્ણ્ણ ને દર મહિને વ્યક્તિ દીઠ ૫ કિલો સબસિડીવાળું અનાજ મળે છે.

# દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાની સુરક્ષા વ્યવસ્થા સંગીન બનાવાઇ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સએ ગુરુવારે દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાની સુરક્ષા સંભાળી લીધી હોવાના અહેવાલ છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના રાજકોટના એક વ્યક્તિ દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યા બાદ કેન્દ્રએ તેમને ણ શ્રેણીની સુરક્ષા આપી હતી.

ગુપ્તાની સુરક્ષા માટે CRPF જવાનોની સાથે દિલ્હી પોલીસ પણ તૈનાત રહેશે. બુધવારે, એક ૪૧ વર્ષીય વ્યક્તિએ દિલ્હીના મુખ્યમંત્રીના વાળ ખેંચ્યા, તેમને ધક્કો માર્યો અને પછી થપ્પડ મારી દીધી.

રાજકોટના રાજેશ ખીમજી ભાઈ સાકરિયા તરીકે ઓળખાતા આ



વ્યક્તિ સિવિલ લાઈન્સ સ્થિત મુખ્યમંત્રીના સત્તાવાર નિવાસસ્થાને જન સુનવાઈ જાહેર સભામાં ગયા હતા.

# ચીનનો સામનો કરવા માટે અમેરિકાને ભારત જેવા મિત્રની જરૂરઃ નિક્કી હેલી

## અમેરિકાના પૂર્વ રાજદૂતના યુનોમાં ટ્રમ્પ પર પ્રહાર

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

ભારત પર ટેરિફ પ્રહારને લઈને પૂર્વ અમેરિકી રાજદૂત નિકકી હેલીએ ટ્રમ્પ પર નિશાન સાધી કહ્યું હતું.ચીનને ટક્કર આપવા માટે આપણે ભારત જેવા દોસ્તની જરૂર છે તે પણ ભારત-અમેરિકાના સંબંધે મજબૂત કરવાની વાત કરી હતી.

સંયુક્ત રાષ્ટ્રમાં અમેરિકાના ભૂતપૂર્વ રાજદૂત નિક્કી હેલીએ ટ્રમ્પ વહીવટીતંત્રને ફરી એકવાર ચેતવણી આપી છે કે ભારત-અમેરિકા વચ્ચેના સંબંધો એક મહત્વપૂર્ણ તબક્કે છે અને જો વોશિંગ્ટન ચીનની વૈશ્વિક મહત્વાકાંક્ષાઓને રોકવા માંગે છે તો તેણે ભારત સાથેના



સંબંધોને ઝડપથી સુધારવાની જરૂર છે.

બુધવારે ન્યૂઝવીકમાં પ્રકાશિત એક લેખમાં હેલીએ કહ્યું હતું કે ડોનાલ્ડ ટ્રમ્પની સરકારે રશિયન ઓઈલ અને ટેરિફ વિવાદોના મુદ્દાને કારણે વિશ્વની બે સૌથી મોટી લોકશાહી શક્તિઓ વચ્ચે ફાટ ન થવા દેવી જોઈએ. અમેરિકાએ તેના માટે સૌથી મહત્વપૂર્ણ શું છે તે ભૂલવું ન જોઈએ. ચીનનો સામનો કરવા માટે, અમેરિકાને ભારત જેવા મિત્રની જરૂર છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ઓઈલ ખરીદવાનું ચાલુ રાખવા બદલ ભારત સામે ૨૫ ટકા પારસ્પરિક ડ્યુટી અને વધારાની ૨૫ ટકા ડ્યુટી લાદ્યા બાદ તણાવ વધ્યો છે. ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ વાટાઘાટોમાં અમેરિકાની ભૂમિકા અંગેના દાવાઓ સહિત મહિનાઓ સુધી ચાલેલા તણાવ પછી આ પગલું લેવામાં આવ્યું હતું.

હેલીએ ટ્રમ્પના દબાણ અભિયાનને સમર્થન આપતા કહ્યું કે ભારતની ઊર્જા ખરીદી ''યુક્રેન સામે વ્લાદિમીર પુતિનના ક્રૂર યુદ્ધને નાણાંકીય સહાય કરી રહી છે. જોકે, તેમણે ભારતને દુશ્મન માનવા સામે ચેતવણી આપી.

# વિમા પોલીસી ટેકસના ભારણથી મુકત થશે તો પ્રિમીયમ વધવાની સંભાવના

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આગામી સમયમાં આવી રહેલા જીએસટી સુધારામાં સૌથી મહત્વનું લાંબા સમયથી જે ચર્ચામાં છે તે વિમા પ્રીમીયમ પર હાલ ૧૮% જીએસટી છે તે શુન્ય અથવા નીલ કરી દેવા અને લોકો આરોગ્ય-જીવન વિમા સહિતની જે વિમા પોલીસીમાં મેળવે છે તેને આ રીતે ટેક્ષના ભારણથી દુર કરવા નિર્ણય લેવાયો છે પણ તે બુમરેંગ સાબીત થાય તેવી શકયતા છે.

વિમા કંપનીઓ જે હાલ ૧૮% જીએસટી સામે જે ઈનપુટ ટેક્ષ ક્રેડીટનો લાભ છીનવાઈ જશે તો વિમા પોલીસી ઉલટાનું મોંઘી થશે તેવી ચીમકી ઉચ્ચારી છે. લાંબા સમયથી વિમા પ્રિમીયમ પર જીએસટી રદ કરવા અથવા ઘટાડવા પર ચર્ચા ચાલુ છે અને જીએસટી




કાઉન્સીલ પણ તેના પર હજું નિર્ણય લઈ શકી ન હતી પણ હવે જે રીતે કેન્દ્ર સરકારે જીએસટીમાં બે સ્લેબ-સામે વ્યાપક સુધારાનો નિર્ણય લીધો છે.

તેમાં અનેક ઉત્પાદનો સેવાઓ પરનો જીએસટી ઘટાડવા-શૂન્ય કરવા પ્રસ્તાવ કર્યો છે. જેમાં અંતિમ નિર્ણય નાણામંત્રી નિર્મલા સીતારામનના અધ્યક્ષપદ હેઠળની જીએસટી કાઉન્સીલની લેશે પણ વિમા પ્રિમીયમ પર જીએસટી ઘટાડવાથી પોલીસી ધારકને ખરેખર કેટલો લાભ થશે તેની ચર્ચા થઈ હતી.

વિમા કંપનીઓનો દાવો છે કે જો વિમા પ્રિમીયમ પર જીએસટી રદ કરાય તો કંપનીઓ જે ઈનપુટ ટેક્ષ ક્રેડીટનો લાભ લઈ શકશે નહી તો કંપનીઓ માટે વિમા પ્રીમીયમ વધારવા સિવાય કોઈ વિકલ્પ રહેશે નહી.

વિમા કંપનીઓ જે રીતે વિમા પ્રોડકસ ઓફર કરવા માટે જે રીતે વિવિધ સેવાઓનો ઉપયોગ કરે છે. જેમાં એજન્ટના કમીશન વિ. માં તેઓ જીએસટી ભરે છે પણ તે વિમા પોલીસી પર જીએસટીની સામે તેમાં ઈનપુટ ટેક્ષ ક્રેડીટ એટલે કે તેણે કરેલા ખર્ચ પરનો જે જીએસટી ભર્યો હોય છે તે વળતર રૂપે પરત મેળવે છે જેથી તેનું કુલ જીએસટી ચૂકવણું ઘટી જાય છે.

વિમા કંપનીઓનો દાવો છે કે તેમનો જો ખર્ચ વધશે તો તેના માટે વિમા પ્રીમીયમ વધારવા સિવાય વિકલ્પ રહેશે નહી અને નવી પોલીસી ધારકને લાભ થાય નહી. વિમા કંપનીઓને કોઈ ફાયદો થશે.

# ગીર સોમનાથ જીલ્લાના S.P. મનોહરસિંહ જાડેજાની ઉત્કૃષ્ટ કામગીરીને મુસ્લિમ સમાજના આગેવાનોએ બિરદાવી

## ગીર સોમનાથ જિલ્લા પોલીસની કામગીરીએ લોકોના દિલ જીત્યા




**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ગીર સોમનાથ જીલ્લાના S.P. મનોહરસિંહ જાડેજાની ગીર સોમનાથ ખાતેથી અરવલ્લી-મોડાસા ખાતે બદલી થતા તેમનો વિદાય સમારોહ સોમનાથ મહાદેવના સાનિધ્યમાં વેરાવળ સોમનાથ બાયપાસ પર આવેલ આસોપાલવ પાર્ટી પ્લોટ ખાતે યોજાયો હતો. મુસ્લિમ સમાજના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ગીર સોમનાથ જીલ્લાના S.P. મનોહરસિંહ જાડેજાનો વિદાય સમારો હ યોજાયો હતો ઉના મુસ્લિમ સમાજના આગેવાન તેવા અબ્બાસ ભાઈ સુમરાણી માસુમ ભાઈ કાસમાણી તેમજ અન્ય મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા સાહેબ વિશે વાત કરીએ ત્યારે ગીર સોમનાથ જિલ્લામાં તેમની કામગીરી એક દાખલા રૂપ બની હતી. તમામ સમાજના આગેવાનો સાથે લઈ કોઈપણ તહેવાર હોય તેઓ હાજર રહી અને કાયદો વ્યવસ્થા વિશે વાત કરતા અનેક લુખ્ખા તત્વોને તેઓએ જેલ ભેગા કરી દીધા અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તેઓ હંમેશાં સૂચન કરતા આજે તેમનું વિદાય સમારો યોજાતા રાજકીય તેમજ બિન રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

# ઉનાના સૈયદ રાજપરા બંદરની મુલાકાત લેતા ધારાસભ્ય કાળુભાઇ રાઠોડ , ફિશરીઝ અધિકારી સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના દરિયામાં ભારે વરસાદ પવન અને ઊંચા મોજા ઉછળતા ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામની બોટ મધદરિયામાં અચાનક ડૂબી જવાથી દરિયો ખેડવા ગયેલા ''૯'' માછીમારો માંથી ''૪'' માછીમારોનો જીવ બચી ગયો હોય અને ''૫'' માછીમાર ખલાસી લાપતા થતા ગામના સરપંચ તેમજ આગેવાનોએ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ને જાણ કરી હતી. આ જાણ થતાની સાથે જ ધારાસભ્ય એ સૈયદ રાજપરા બંદરની મુલાકાત લીધી. મુલાકાત સમયે ધારાસભ્ય એ ફિશરીઝ અધિકારી સાથે પરિસ્થિતિની સમીક્ષા કરી હતી. તેમજ ધારાસભ્ય એ દરિયામાં લાપતા (ગુમ) થયેલા ખલાસીઓના



પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. આ તકે તેઓની સાથે તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, કોળી સમાજ બોટ એસોસિએશનના પ્રમુખ પ્રકાશભાઈ બાંભણીયા, ઉપપ્રમુખ નિલેશભાઈ બાંભણીયા, દિનેશભાઈ બાંભણીયા, આગેવાન સુરેશભાઈ કડવાભાઈ, પ્રવીણભાઈ જીલુભાઈ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના દેલવાડા ખાતે પશુપાલન મત્સ્યઉદ્યોગ મંત્રી પરસોતમભાઈ સોલંકીને પડતર પ્રશ્નો અંગે માછીમાર પરિવારો દ્વારા રજૂઆત કરવામાં આવી

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ – અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના દેલવાડા ગામે આજે માછીમાર પરિવારો સ્વજનો જે પાકિસ્તાનની જેલમાં બનશે જેને લઈને આજે દેલવાડા ખાતે ગુજરાત સરકારના પશુપાલન મત્સ્યઉદ્યોગ મંત્રી પરસોતમભાઈ સોલંકીના બંગલા પર માછીમાર પરિવારો આવ્યા હતા અને પોતાની આપવી કઈ હતી અગાઉ પણ સરકારના પશુપાલન મત્સ્યઉદ્યોગ મંત્રી પરસોતમભાઈ સોલંકી તેમના આદેશથી ૧૦૦ કરતા વધુ માછીમારો છુટ્યા હતા અને તે પરિવારોએ મંત્રીનો આભાર વ્યક્ત કર્યો હતો જ્યારે આજે પરિવારજનોનું કહેવું છે કે તેમના સ્વજન પાકિસ્તાનની જેલમાં બંધ છે, જેને છોડાવવા માટે ભારત સરકાર અને



ગુજરાત સરકાર દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે.

આ રજૂઆત દરમિયાન પરિવારજનોની વ્યથા સાંભળીને મંત્રીને લેખિતમાં આવેદન પત્ર અપાયું હતું. મંત્રીશ્રીએ પણ આ મુદ્દે યોગ્ય કાર્યવાહી કરવા ખાતરી આપી હતી અને કેન્દ્ર સરકાર સુધી પરિવારજનોની માંગણી પહોંચાડવા માટે સહકાર આપવાનો આશ્વાસન આપ્યો હતો. જ્યારે આ તકે જૂનાગઢ જિલ્લા તેમજ ગીર સોમનાથ જીલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાભણીયા તેમજ કોળી સમાજના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જામનગર જિલ્લામાં મહિલા કલ્યાણ દિવસની ઉજવણી

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર, ગુજરાત રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત ''નારી વંદન ઉત્સવ ૨૦૨૫ અંતર્ગત જામનગર જિલ્લામાં મહિલા કલ્યાણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે, મહિલાઓમાં જાગૃતિ લાવવા અને તેમના કલ્યાણ માટેના પ્રયાસોને વેગ આપવા માટે જામનગર ખાતે વિશેષ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું.જિલ્લા મહિલા અને બાળ અધિકારી ડો. પુજાબેન ડોડીયાના માર્ગદર્શન હેઠળ જામજોધપુર ખાતે યોજાયેલ શિબિરમાં ડિસ્ટ્રીક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન (DHEW), સખી વન સ્ટોપ સેન્ટર (OSC), વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર, અને પોલીસ સ્ટેશન બેઇઝડ સપોર્ટ સેન્ટર (PBSC) ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ડો.



પુજાબેન ડોડીયાએ મહિલાઓને કારકિર્દી માર્ગદર્શન, તેમના અધિકારો અને વિવિધ સરકારી યોજનાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. OSCના કેન્દ્ર સંચાલક દક્ષાબાએ સખી વન સ્ટોપ સેન્ટરની કામગીરી અને મહિલાઓને મળતી તાત્કાલિક સહાય વિશે સમજાવ્યું. DHEWના જેન્ડર સ્પેશિયાલિસ્ટ હેતલબેન ચાવડાએ મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા ચલાવવામાં આવતી વિવિધ સરકારી યોજનાઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી. PBSC દ્વારા પોલીસ વિભાગની સહાય અને મહિલાઓ માટેની સુરક્ષા સેવાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.બીજી શિબિર જામનગર ખાતે કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહમાં યોજાઈ હતી, જેમાં વોર્ડ નં-૩ના કોર્પોરેટર પરાગભાઈ, શાળાના આચાર્ય, SHE TEAMના કોન્સ્ટેબલ મંજુલાબેન પિંગળ, અને લાયન્સ કરાટે ક્લબના ટ્રેનર જીલબેન મકવાણા અને અનુરાગભાઈ સોનગરા ઉપસ્થિત રહ્યા હતા. પરાગભાઈએ દીકરીઓને કારકિર્દી ઘડતર અને મહિલા કલ્યાણ માટે પ્રેરણાદાયી સંદેશો આપ્યો હતો. આચાર્યએ જાતિગત સમવેદના, માનસિક સ્વાસ્થ્ય અને જીવનલક્ષી મુદ્દાઓ પર પ્રવચન આપ્યું. જીલબેન મકવાણા અને અનુરાગભાઈ સોનગરાએ મહિલાઓને આત્મસંરક્ષણની તાલીમ આપી હતી. SHETEAM દ્વારા પોલીસની ભૂમિકા અને મહિલાઓની સલામતી માટેના ઉપાયો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. DHEWના DMC બંસીબેન ખોડીયાર દ્વારા સરકારી યોજનાઓ વિશે માહિતી આપવામાં આવી, અને PBSC ના ધર્માબેન દ્વારા તેમના કેન્દ્રની સેવાઓ સમજાવવામાં આવી હતી.કાર્યક્રમના અંતે, તમામ ઉપસ્થિત મહિલાઓને બેગ અને માહિતીસભર સામગ્રીનું વિતરણ કરવામાં આવ્યું.

પાંડવોના અજ્ઞાતવાસ સાથે સંકળાયેલ જામજોધપુર તાલુકાના સડોદર ગામની બાજુમાં બિરાજમાન શ્રી ફૂલનાથ મહાદેવ મંદિરનો ઈતિહાસ

# ફૂલોમાંથી સ્વયભું શિવલિંગ પ્રગટ થયા હોવાથી મંદિરનું નામ ફૂલનાથ મહાદેવ પડ્યું

## જામનગર થી સડોદર મંદિર સુધી પહોચવા માટે રોડ તેમજ બસની સુવિધા

**મુખ્ય સમાચાર, જામજોધપુર**
**અહેવાલ – વિજય બગડા**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના સડોદર ગામની બાજુમાં શ્રી કુલનાથ મહાદેવ બિરાજમાન છે. આ જગ્યાએ પાંડવો તેમજ માતા કુંતાએ પોતાના વનવાસ બાદના ૧૩માં અજ્ઞાતવાસ દરમિયાન રાતવાસો કર્યો હતો હતો. માતા કુંતાને દરરોજ સવારે મહાદેવની પૂજા કરવાનો નિયમ હોવાથી શિવલિંગ સાથે રાખતા. ફૂલનાથ પહેલા તેઓએ લાલપુર તાલુકાના ગજણા ગામે રોકાણ કર્યું હતું અને ભીમ



ભોળેશ્વરની ટેકરી પર શિવલિંગ ભૂલી ગયા હતા.

પોતાની માતાને પુજા પાઠ માટે શિવલીંગ જોશે તેવા વિચારોમાં ભીમને ઊંઘ ન આવી અને સવારે વહેલા જંગલમાંથી કુલ વીણી વીણીને તેમણે ફૂલના શિવલીંગ બનાવ્યા અને પોતાની માતાને કહ્યું કે મેં શીવલિંગને ફૂલથી શણગાર્યા છે. માતા કુંતા જયારે જળનો લોટો ચડાવવા ગયા ત્યારે ભીમને પણ ડર હતો કે તેની પોલ ખુલી જશે. પરંતુ તેઓ જેમ જળ જડાવતા ગયા તેમ ફૂલ નીચે પડતા ગયા અને હાલનું જે શિવલિંગ છે તે સ્વયંમ ભૂ પ્રગટ થયું. જે ''ફૂલનાથ મહાદેવ મંદિર'' તરીકે ઓળખાય છે.

બાદમાં ભોળા ભીમે તેની માતાને સાચી વાત કરી, પરંતુ તેમના માતા ગુસ્સે થવાને બદલે પ્રસન્ન થયા કે ભીમની ભુલથી તો સ્વયંમ ભોળાનાથે પ્રગટ થઇ આપણને આર્શીવાદ આપ્યા. પાંડવોએ રાત વાસ દરમ્યાન અહીં આંબો વાવ્યો હતો જે હાલમાં પણ ત્યાં હૈયાત છે.

કુલનાથ મહાદેવ મંદિરે આવવા જવા માટે પાકો રોડ તથા બસની સુવિધા છે. સડોદર થી કુલનાથ મહાદેવની જગ્યા ૩-કિલોમીટર અંદર છે. સવાર સાંજ અહીં આરતી થાય છે. શ્રાવણ અમાસના ત્રણ દિવસ દરમિયાન મેળો ભરાય છે. અને હજારો ભક્તો મહાદેવના દર્શન કરી ધન્યતા અનુભવે છે.

# જામનગરમાં જન્મ-મરણ નોંધણી માટે ભારત સરકારના CRS પોર્ટલ અંગે તાલીમ યોજાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર , નાગરિકો માટે જન્મ અને મરણની નોંધણી પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શક બનાવવાના હેતુથી, ગુજરાત સરકારના નિર્દેશ મુજબ જામનગર જિલ્લામાં આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત દ્વારા ઈ-ઓળખ એપ્લિકેશનના સ્થાને ભારત સરકારના CRS (Civil Registration System) પોર્ટલનો અમલ કરવા માટે તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તાલીમ સેશનનું આયોજન નાયબ મુખ્ય રજિસ્ટ્રાર જન્મ-મરણ હિતેન એસ. પારેખ અને જિલ્લા રજિસ્ટ્રાર જન્મ-મરણ ડૉ. નૂપુરના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. એમ. વી. સોલંકી, અધિક્ષક જન્મ-મરણ અને આંકડા મદદનીશ દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન સુચારુરૂપે કરવામાં આવ્યું હતું.તાલીમમાં જામનગર જિલ્લાના તમામ તાલુકા રજિસ્ટ્રાર જન્મ-મરણ અને તાલુકા વિકાસ અધિકારીઓ, ચીફ ઓફિસરો, ઈન્સ્પેક્ટર, સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના અધિક્ષકો, સામૂહિક આરોગ્ય કેન્દ્રના અધિક્ષકો, તેમજ અર્બન અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો હતો. પ્રોગ્રામ આસિસ્ટન્ટ કે. ડી. વૈષ્ણવ દ્વારા આ પોર્ટલ પર જન્મ, મરણ અને મૃત જન્મની નોંધણી કેવી રીતે કરવી તે અંગે વિસ્તૃત અને વ્યવહારિક તાલીમ આપવામાં આવી હતી.આ નવા પોર્ટલની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં નોંધણી પ્રક્રિયા વધુ ચોક્કસ અને ભૂલરહિત બનશે. અરજદાર દ્વારા દાખલ કરવામાં આવેલી માહિતી ચકાસણી માટે સીધી પોર્ટલ દ્વારા જ અરજદારને મોકલવામાં આવશે. જો કોઈ ભૂલ હોય તો અરજદાર ૨૪ કલાકની અંદર મોબાઈલ દ્વારા રજિસ્ટ્રારને જાણ કરી શકશે, જેનાથી ભૂલ થવાની શક્યતા નહિવત્? રહેશે. આ ઉપરાંત, નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ અરજદાર પોતે જ પોર્ટલ પરથી જન્મ કે મરણનું પ્રમાણપત્ર સરળતાથી ડાઉનલોડ કરી શકશે, જેનાથી સમય અને શ્રમ બંનેની બચત થશે.આ તાલીમથી જિલ્લાના તમામ સંબંધિત અધિકારીઓ અને કર્મચારીઓ નવા પોર્ટલના ઉપયોગ માટે સજ્જ બન્યા છે, જેનાથી જન્મ-મરણ નોંધણીની પ્રક્રિયા વધુ ઝડપી, સરળ અને અસરકારક બનશે.

# જામનગરમાં મહાનગરપાલિકાની સામાન્ય સભામાં શ્રાવણી મેળાનું આયોજન વિના વિઘ્ને પાર પડતા તંત્રને અભિનંદન પાઠવ્યા

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર મહાનગરપાલિકાની મળેલી સામાન્ય સભામાં શ્રાવણી મેળાના આયોજનમાં કોઇ વિઘ્ન ઉભું ન થવા બદલ શાસકપક્ષ અને વિરોધપક્ષના સભ્યોએ એકસુરમાં તંત્રને અભિનંદન પાઠવ્યા હતાં.બેઠકમાં એમ્યુઝમેન્ટ પાર્ક ખાતે આવેલ રાઇડ એરિયા ૧૦ વર્ષ માટે લીઝ ઉપર ભાડે આપવા કમિશનરની દરખાસ્તને મંજૂર કરવામાં આવી હતી. ટીપી સ્કીમ નં.૭ ના ડ્રાફ્ટને સમાવિષ્ટ સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવેલ જાહેરહેતુના અંતિમ ખંડો તથા ટીપી રસ્તાની દરખાસ્તને ટેન્ટેટીવ રિકન્સ્ટ્રીટ્યુશન અંગેનો પરામર્ષ આપવાની દરખાસ્ત મંજુર કરાઇ હતી.મહાનગરપાલિકાની ફૂડશાખામાં ફૂડ એનાલીસીસની જગ્યા ઉભી કરવા પણ ઠરાવ કરાયો હતો. શહેરમાં વધતી જતી ગંદકીની ફરિયાદો અને વકરતાં રોગચાળા મુદ્દે વિપક્ષના સભ્ય રચનાબેન નંદાણિયાએ એપ્રોન પહેરી હાથમાં પ્લેકાર્ડ સાથે બોર્ડમાં પ્રવેશી દેખાવ કર્યા હતાં.વિપક્ષના પૂર્વ નેતા આનંદ રાઠોડે શહેરમાં ટીપી ડીપીની અમલવારી કરવાની કામગીરી મત



બેંકની રાજનીતિ છોડીને ટ્રાફિકની સમસ્યા હળવી કરવાના હેતુથી હાથ ધરવા માંગણી કરી હતી. દિ.પ્લોટ શેરી નં.૪૯માં મંજૂર થયેલ દરખાસ્ત મુજબ કામગીરી કરવા જણાવ્યું હતું.

પ્રશ્નોતરીને લઇ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન નિલેશ કગથરાએ ટિપ્પણી કરતાં વિપક્ષના સભ્યોએ તડાપીટ બોલાવી હતી. વોર્ડ નં.૧૨ના કોર્પોરેટર અસ્લમ ખિલજીએ ચેરમેનના વલણ સામે નારાજગી વ્યક્ત કરી હતી.અસ્લમ ખિલજીએ ટાઉનહોલના રિનોવેશનમાં કરાયેલ રૂપિયા સાત કરોડના ખર્ચ અંગે થર્ડ પાર્ટી ઈન્સ્પેક્શનની માંગણી કરી હતી અને પાર્ટીએ જીએસટી સરકારમાં ભર્યો ન હોવાનો આક્ષેપ કર્યો હતો. આ આક્ષેપના જવાબમાં અધિકારીએ જણાવ્યું હતું કે બિલમાં જીએસટીનો ઉલ્લેખ કરાયો જ નથી.

# જામનગરમાં ચાર સગીરનું ૧૦ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય, બે આરોપીની ધરપકડ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાંથી ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જ્યાં બેડી વિસ્તારમાં એક ૧૦ વર્ષના બાળક સાથે સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું. ઘટના સામે આવતી પોલીસે જાતે ફરિયાદી બની આ કેસમાં અન્ય ચાર સગીર સામે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.મળતી માહિતી મુજબ, જામનગરના બેડેશ્વર વિસ્તારમાં રહેતા દસ વર્ષના બાળક સાથે ૮ જુલાઈએ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું. આ બાળક સાથે ફરતા ચાર સગીરે તેને એક મકાનમાં બોલાવ્યો અને ત્યાં તેની સાથે આ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું અને તેનો વીડિયો પણ ઉતાર્યો હતો. આ વીડિયો હરતો ફરતો બાળકની માતા પાસે પહોંચ્યો હતો, અને બાળકની માતાએ આ મામલે તેના પુત્ર સાથે વાત કર્યા પછી જામનગરના સિટી બી. ડિવિઝન પોલીસ મથકમાં આવીને જાણ કરી હતી. જોકે માતા-પિતા દ્વારા જ્ઞાતિના આગેવાનો સાથે ચર્ચા થયા બાદ સમાધાન કરી લેવાયું હતું અને આ મામલે કોઈ ફરિયાદ દાખલ કરવાનો ઈનકાર કર્યો હતો.પોલીસ બની ફરિયાદી જો કે, પોલીસે આ મામલાની ગંભીરતાને ધ્યાને લઈ ચાઇલ્ડ વેલ્ફેર કમિટીને જાણ કરી હતી. બાદમાં આ કમિટીએ ભોગ બનનાર બાળક અને તેની માતાનું એકથી વધુ વખત કાઉન્સેલિંગ કરાવ્યું હતું, પરંતુ તેઓ ફરિયાદ કરવા માટે સંમત થયા ન હતા. આખરે સરકાર પક્ષે પોલીસ દ્વારા ફરિયાદ નોંધવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને ચારેય સગીર સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.બે આરોપીની ધરપકડ.નોંધનીય છે કે, પોલીસ તપાસમાં બે આરોપી ઝડપી લેવાયા છે. આ સિવાય અન્ય એકની શોધખોળ શરૂ કરવામાં આવી છે. તેમજ એક સગીર દેવભૂમિ દ્વારકા વિસ્તારનો હોવાથે તપાસનો દોર ત્યાં સુધી લંબાવાયો છે.

# જામનગર આસપાસના ૨૭ પુલ પૈકીના ૨૦ પુલ સલામત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરના આજુબાજુ મહાપાલિકાની હદ વિસ્તારમાં ૨૭ જેટલા બ્રિજ આવેલા છે. જેમાં રેલવે ઓવરબ્રિજ પણ આવી જાય છે. આ બ્રિજના વિઝયુઅલ ઈન્સ્પેક્શનની કામગીરી કરવામાં આવી હતી.જેમાં ૨૦ જેટલા પુલમાં કોઈ ખામી ન હતી. જ્યારે પાંચ બ્રિજમાં માઈનોર પ્રકારની ક્ષતિ દર્શાવાઇ છે. અને બે બ્રિજ જોખમી સાબિત થયા છે. જેમાં સ્ટ્રકચરલ ખામીઓ જોવા મળી હતી.જામનગર મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં અલગ અલગ પ્રકારના નદી પરના પુલ, રેલવે ઓવરબ્રિજ કોઝ-વે પ્રકારના ૨૭ બ્રિજનું મહાપાલિકાના પ્રોજેક્ટ એન્ડ પ્લાનીંગ શાખા અને સિવિલ શાખા દ્વારા વિઝયુઅલ ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.જેમાં ૨૦ બ્રિજ સહીસલામત મળી આવ્યા હતા. જ્યારે પાંચ બ્રિજમાં માઈનોર પ્રકારની ખામી જોવા મળી હતી. જે નિષ્ણાંતોના રિપોર્ટ મંગાવીને દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં



આવી છે.જે બ્રિજ પર વધુ ખામીઓ મળી આવી છે. જેમાં કાલાવડ રોડ પરના હૈયાત બ્રિજ અને અન્નપૂર્ણા ચોકડી પહેલાનો બેઠો કોઝ-વે. આમાંથી કાલાવડ નાકા બહારના બ્રિજને તોડવાની અને નવો બ્રિજ બનાવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. તેમજ બંને બ્રિજના છેડા પર ભારે વાહનો ની અવર જવર રોકવા માટે સૂચના બોર્ડ તેમજ જરૂરી આડશ લગાવવાની કામગીરી પણ પૂર્ણ કરી લેવાઈ છે.

# જામનગરમાં જુગાર પર પોલીસના દરોડાઃ ૧૩ મહિલા સહિત ૫૬ જુગારીઓને અટકાયત

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેર, જીલ્લામાં શ્રાવણીયા જુગાર અંગે દરોડા યથાવત રહયા છે, જુદા જુદા ૧૦ સ્થળે પોલીસ ત્રાટકી હતી અને ૧૩ મહિલા સહિત ૫૬ જુગારીઓને રોકડ અને સાહિત્ય સાથે અટકાયત કરવામાં આવી હતી, રણજીતસાગર રોડ પર આશીર્વાદીપ સોસાયટીમાં એક મકાનમાં ચાલતા જુગારના અખાડા પર પોલીસે દરોડો પાડી ૯ને પકડી લીધા હતા, આ ઉપરાંત અયોધ્યાનગર, કાલાવડ, અપીયા, લાલપુર, મયુરનગર, ભીમવાસ, ખાખીનગર, સાંઢીયાપુલ, પીપરટોડા રોડ, ડબાસંગમાં દરોડા પાડવામાં આવ્યા હતા.જામનગરના રણજીતસાગર રોડ, આશીર્વાદદીપ સોસાયટી શેરી નં. ૪ના ખુણા પાસે અનિરૂધ્ધસિંહ જાડેજા નામનો શખ્સ પોતાના ભોગવટાના મકાનમાં બહારથી માણસો બોલાવી સાધનો પુરા પાડી નાલ ઉઘરાવી તિનપતી જુગારનો અખાડો ચલાવતો હોવાની બાતમીના આધારે સીટી-એ ડીવીઝન પીઆઇ ચાવડાની સુચનાથી સ્ટાફ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો.દરોડા દરમ્યાન જુગારના અખાડામાંથી આશીર્વાદદીપ સોસાયટીમાં રહેતા અનિધ્ધસિંહ ભગવંતસિંહ જાડેજા, પટેલપાર્ક શેરી નં. ૧૧માં રહેતા વેપારી જીતેન્દ્ર ચંદુ નાગપાલ, જડેશ્વરપાર્કના રીક્ષા ડ્રાઇવર રવિ યોગેશ અગ્રાવત, મયુરગ્રીન સોસાયટી શેરી નં. ૧૧માં રહેતા વેપારી સાગર કનૈયાલાલ કાલાવડીયા, હિતેશ કનૈયાલાલ કાલાવડીયા, કનૈયાલાલ વલ્લભદાસ કાલાવડીયા, મયુરગ્રીન સોસાયટી શેરી નં. ૬માં રહેતા ધીરજલાલ માવજી રાઠોડ, મયુરગ્રીન શેરી નં. ૧૨/૧૩માં રહેતા કરશન અજા ચાવડા, મયુરગ્રીન સોસાયટી શેરી નં. ૪/૫માં રહેતા જમન પરસોતમ સિનોજીયાને રોકડા ૨૬૨૦૦ અને ગંજીપતા સાથે દબોચી લીધા હતા.બીજા દરોડામાં મયુરનગર શેરી નં. ૩માં સ્ટ્રીટલાઇટના અંજવાળે તિનપતીનો જુગાર રમતા મયુરનગર શેરી નં. ૨માં રહેતા પ્રતીક દિનેશ વાલવા, નિલેશ મોહન આગલ, હિતેશ ભીખુ ધાયાણી અને ભાણવડના કૃષ્ણગઢ ગામના રોહિત હરદાસ સોલંકીને સીટી-સી પોલીસે રોકડા ૧૨૧૫૦ અને ગંજીપતા સાથે દબોચી લીધા હતા.ત્રીજા દરોડામાં ગોકુલનગર અયોધ્યાનગરમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતા સાયોના શેરી ૫માં રહેતા રામદે ભીમશી નંદાણીયા, અયોધ્યાનગર શેરી નં. ૮માં રહેતા સાજણ ભીમશી બેરા, શિવનગર-૨માં રહેતી રસીલાબેન દિપક ભટ્ટ, અયોધ્યાનગરના સોનલબેન રામશી કંડોરીયા, શિવનગરના દુધીબેન કારા ગોજીયા, અયોધ્યાનગરના જાનાબેન, ઉર્ફે જશુબેન ગોવિંદ લગારીયા, સરદારનગર-૨ના વર્ષાબેન વજેગર ગોસાઇ, શિવનગર-૫ના કિષ્નાબા રામદેવસિંહ ઝાલા, અયોધ્યાનગર-૭માં રહેતા રશ્મીબેન સુનિલ શિંગળની અટકાયત કરી રોકડા ૧૫૨૦૦ જપ્ત કર્યા હતા તેમજ કાલાવડમાં તિનપતીનો જુગાર રમતા લોધીકાના મેટોડા ગામના વેપારી ચિંતનસિંહ પ્રવિણસિંહ ગોહિલ, ભાવાભી ખીજડીયાના વેપારી જગતસિંહ વિરેન્દ્રસિંહ જાડેજા, મેટોડાના વેપારી શિવરાજસિંહ રણજીતસિંહ ઝાલા, મછલીવડ ગામના વેપારી ધર્મરાજસિંહ દિગુભા જાડેજાને રોકડા ૧૧૧૦૦ સાથે દબોચી લીધા હતા.અન્ય દરોડામાં લાલપુરના અપીયા ગામના પાદરમાં તિનપતીનો જુગાર રમતા અપીયાના મુકેશ હમીર મકવાણા, ગોવા અજા જોગલ, બુધા કારા ગાગીયા, ધીઉકા રાઠોડ, અરજણ માલદે નંદાણીયાની અટકાયત કરી રોકડા ૧૦૪૦૦ જપ્ત કર્યા હતા. જામનગરના ખાખીનગરમાં તિનપતીનો જુગાર રમતા ખાખીનગરના નગા ખીમા નંદાણીયા, નાઘેડીના રાણા પરબત જાદવ, મહાલક્ષ્મી બંગલોસ ખાતે રહેતા માલદે પરબત ગાગીયા, માધવબાગ-૧ દ્વારકેશના નારણ કરશન નંદાણીયા, હરીયા કોલેજ રોડ સિધ્ધાર્થનગરના અનિલ પ્રેમજી પરમાર, નાઘેડી નવાપરાના રાજુ પરબત જાદવ, ખાખીનગરના ભીમશી મેરામણ લગારીયાની અટકાયત કરી ૩૩૫૦૦ કબ્જે કર્યા હતા.આ ઉપરાંત સાંઢીયાપુલ પાસે અયોધ્યાનગર વિસ્તારમાં ગંજીપતા વડે જુગાર રમતા અયોધ્યાનગર ૭ના સુનિલ પુના શિંગળ, અયોધ્યાનગરના મંજુબેન રામ ગોજીયા, હેતલબેન ઉર્ફે શિતલ ઉત્તમ કરમુર, કુકડાકેન્દ્ર પાસે રહેતા મોહીનીબેન નરેન્દ્ર શિંગળ, સાંઢીયાપુલ પાસે રહેતા વિષ્ણુબા નવલસિંહ જાડેજા અને પુરીબેન હરીશ ઓડીચની અટકાયત કરી રોકડા ૧૨૪૦૦ અને પતા જપ્ત કર્યા હતા.લાલપુરના રામપરથી પીપરટોડા રોડ પર જાહેરમાં ગંજીપતા વડે જુગાર રમતા વંથલી તાલુકાના કણજા ગામના ભાવેશ ઉર્ફે પ્રિન્સ અમૃત જોગલ, મુરીલા ગામના વશરામ નાથા માતંગ, ધરારનગરના જયસુખ પાલા ખરા, મુરીલાધારના અશોક વાલા ચોપડાને પકડી રોકડા ૧૦૩૦ કબ્જે લીધા હતા, જયારે ડબાસંગ ગામમાં જુગાર રમતા ડબાસંગના કલ્પેશ નાયા પિંગળસુર, ધનજી મુળજી પિંગળસુર, રમેશ ગાંગા પિંગળસુર, નરેશ પાલા પિંગળસુરને પકડી પાડી પટમાથી ૨૦૮૦ની રોકડ અને પતા મળી આવ્યા હતા.વધુ એક દરોડામાં જામનગરના ભીમવાસ શેરી નં. ૨ સામે ઓવરબ્રીજ નીચે જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમતા ભીમવ-ાસના મહેન્દ્ર બાબુ પારીયા, નરેશ ખેરાજ વિંજુડા, ભારતવાસના હરીશ લખુ ખાણીયા અને જુના નાગનામા રહેતા ખીમજી દેવજી ડાભીને રોકડા ૧૨૩૦ સાથે પકડી લીધા હતા.

# દિવાળી તથા છઠ્ઠના તહેવાર પર રેલ્વે ૧૨૦૦૦ સ્પેશ્યલ ટ્રેન દોડાવશે

દિવાળી અને છઠ્ઠને લઈને રેલ મંત્રીએ મોટી જાહેરાત કરી છે. કેન્દ્રીય રેલ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે, ઓક્ટોબર - નવેમ્બરમાં તહેવાર દરમિયાન ૧૨ હજાર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લેવાયો છે. તેની સાથે કન્ફર્મ ટિકિટ આપવાનો નિર્ણય પણ લેવાયો છે.

અશ્વિની વૈષ્ણવે મીડિયા સાથે વાતચીતમાં કહ્યું કે, દિવાળી અને છઠ તહેવાર માટે ૧૨,૦૦૦ સ્પેશિયલ ટ્રેનો ચલાવવામાં આવશે. રેલ મંત્રીએ આગળ કહ્યું કે, મુસાફરોને બે મોટા તહેવારો પર કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે. એટલા માટે આ



નિર્ણય લેવાયો છે.

જે લોકો ૧૩થી ૨૬ ઓક્ટોબરની વચ્ચે યાત્રા કરશે અને ૧૭ નવેમ્બરથી ૧ ડિસેમ્બરની વચ્ચે વાપસી કરશે, તેમને કન્ફર્મ ટિકિટ આપવામાં આવશે. તેની સાથે વધુ એક મોટો નિર્ણય લેવાયો છે. વાપસીની યાત્રા પર ૨૦ ટકાની છૂટ આપવામાં આવશે.

રેલ મંત્રીએ કહ્યું કે, આ પ્રયોગ આ તહેવારી સિઝન દરમિયાન કરવામાં આવી રહ્યો છે. તેની સાથે જ દિલ્હી, સહરસાથી અમૃતસર, છપરાથી દિલ્હી અને મુઝફ્ફરપુરથી હૈદરાબાદ માટે ૪ અમૃત ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. પૂર્ણિયાથી પટના માટે વધુ એક વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ કરવામાં આવશે.

ચોથી જાગીરનો પડકાર
મુખ્ય સમાચાર
સાંધ્ય દૈનિક


# રાજકોટમાં નેશનલ સ્પોર્ટસ્ ડે નિમિત્તે ૨૯ થી ૩૧ ઓગસ્ટ સુધી રમતોત્સવ યોજાશે

## ત્રણ દિવસ સુધી રમત-ગમતને લગતા વિવિધ કાર્યક્રમો યોજાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

હોકીના જાદુગર શ્રી મેજર ધ્યાનચંદનો જન્મદિવસ ૨૯ ઓગસ્ટ સમગ્ર દેશમાં નેશનલ સ્પોર્ટસ્? ડે તરીકે મનાવાય છે, ત્યારે દેશભરની સાથે રાજકોટ જિલ્લામાં ૨૯થી ૩૧ ઓગસ્ટ - ત્રણ દિવસ સુધી રમતોત્સવ સહિત વિશિષ્ટ ઉજવણીનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

લોકોમાં રમત-ગમત પ્રત્યે રૂચિ વધે, સ્પર્ધાના માધ્યમથી સ્પોર્ટ્સ કલ્ચર ઊભું થાય, ખેલાડીઓને શાળા-કોલેજ-ગામથી આગળ વધીને રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરે રમત ક્ષેત્રે આગળ વધવા પ્રોત્સાહન મળે તેમજ તંદુરસ્તી સારી રહે તેવો હેતુ આ આયોજનનો છે. જે અંતર્ગત એથ્લેટિક્સની વિવિધ રમતો, પરંપરાગત રમતો ઉપરાંત જાગૃતિ રેલી, ચિત્ર-નિબંધ સ્પર્ધા સહિતની પ્રવૃત્તિઓનું પણ આયોજન વિચારવામાં આવ્યું છે.

રાજકોટ જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીની કચેરીની યાદીમાં જણાવાયા અનુસાર, નેશનલ સ્પોર્ટસ્? ડે-૨૦૨૫ નિમિત્તે મેજર ધ્યાનચંદ જન્મ દિવસ - સ્પોર્ટસ્? અવેરનેસ સેલિબ્રેશન-૨૦૨૫ અંતર્ગત ત્રણ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે.

જેમાં ૨૯મી ઓગસ્ટ સ્થાનિક પરંપરાગત રમત દિવસ તરીકે મનાવાશે. રાજકોટમાં તેનો મુખ્ય કાર્યક્રમ મેજર ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ, રેસકોર્સ ખાતે યોજાશે. ઉપરાંત જિલ્લાની શાળાઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નગરપાલિકા અને જિલ્લા સ્તરે રમત સ્પર્ધા અને પ્રદર્શન મેચનું આયોજન કરવામાં આવશે.

૩૦મી ઓગસ્ટ વર્કશોપ અને કોન્ફરન્સ દિવસ તરીકેનો રહેશે. જેમાં જિલ્લાની શાળાઓ, ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, સ્પોર્ટસ્ ઓથોરિટી ઓફ ગુજરાતના સ્પોર્ટસ્ કોમ્પ્લેક્સ, તમામ નગર તથા જિલ્લા સ્તરે વિવિધ કાર્યક્રમો થશે. જેમાં રમત-ગમત પ્રત્યે જાગૃતિ, ફિટનેસ, હેલ્થ અને સ્પોર્ટસ્? કરિયર વિશે માર્ગદર્શન, રમત અંગે ચિત્ર-સ્પર્ધા, નિબંધ લેખન, ખેલાડીઓ અને શિક્ષકો વચ્ચે વાર્તાલાપ જેવા કાર્યક્રમોનું આયોજન થશે.

૩૦મી ઓગસ્ટે રેસકોર્સ રિંગરોડ ખાતે, સવારે ૭ કલાકથી ભવ્ય સાયકલ રેલી યોજવામાં આવશે. જેમાં જિલ્લાની વિવિધ શાળાઓ, શિક્ષકો, કોલેજો, સ્પોર્ટસ્ ક્લબ, સાયકલિસ્ટ, એન.જી.ઓ., યોગબોર્ડ, પોલીસ જવાનો, ફાયરબ્રિગેડ સ્ટાફ, વિવિધ કર્મચારીઓ, રમતવીરો, નાગરિકો ભાગ લે તેવું આયોજન છે. દરમિયાન સાયકલ રેલીના રૂટ પર જાગૃતિ સંદેશા સાથેના બેનર, પોસ્ટર, સ્લોગન વગેરે દર્શાવાશે. આ ત્રિદિવસીય આયોજન માટે વિવિધ સ્તરે સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે.

# સૌરાષ્ટ્રમાં ૨૦ અને ૨૧ ઓગસ્ટના રોજ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી

## રાજકોટ જિલ્લાના અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા કલેકટર ડૉ. ઓમ પ્રકાશની સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારતીય હવામાન વિભાગે (આઇ.એમ.ડી.) સૌરાષ્ટ્રમાં તા. ૨૦ અને ૨૧ ઓગસ્ટનાં રોજ ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આ બાબતને ધ્યાને લઈ રાજકોટ જિલ્લાના અધિકારીઓને હેડક્વાર્ટર ન છોડવા કલેકટરશ્રી ડૉ.ઓમ પ્રકાશે સૂચના આપી છે.

રાજકોટ જિલ્લાનાં પ્રાંત અધિકારીશ્રીઓ, તાલુકા નોડલ અધિકારીઓ, મામલતદારઓ, તાલુકા વિકાસ અધિકારીઓ સહિતના અધિકારીઓએ પોતાના કર્મચારીઓ સાથે મુખ્ય મથક પર રહેવા કલેકટરશ્રીએ આદેશ આપ્યો છે.

આઇ.એમ.ડી.ના અહેવાલ મુજબ તા.૨૦ અને તા.૨૧ ઓગસ્ટના રોજ સૌરાષ્ટ્રમાં કેટલાક સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદ થવાની સંભાવના છે. કલેક્ટરશ્રીએ ભારે વરસાદના પગલે અનિચ્છનીય સ્થિતિ ન સર્જાય તે માટે જરૂરી અગમચેતીના પગલાંઓ લેવા નિર્દેશ કર્યા છે. વરસાદના પગલે કોઈ અનિચ્છનીય સ્થિતિ સર્જાય કે બનાવ બને તો તે અંગે તાત્કાલિક નિવારક પગલાં સુનિશ્ચિત કરવા અને આ અંગે તાત્કાલિક ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર કંટ્રોલ રૂમને જાણ કરવા કલેકટરએ તાકીદ પણ કરી છે.

# જસદણમાં શેરી નાટક અને ભવાઈથી સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું

## નગરપાલિકા દ્વારા શહેરીજનોમાં સ્વચ્છતા અંગેનું વિશેષ જનજાગૃતિ અભિયાન




**મુખ્ય સમાચાર, જસદણ**

ભાઈઓ-બહેનો.. ભીનો કચરો મને આપો, સૂકો કચરો મને આપો... આ શબ્દો બોલે છે લીલી અને બ્લુ રંગની ડસ્ટ બિન. ગ્રામજનો સાદી સરળ ભાષામાં કચરાનું વર્ગીકરણ સમજી શકે તે માટે નગરપાલિકા દ્વારા શેરી નાટકો અને ભવાઈ દ્વારા પરંપરાગત રીતે કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે.

'આપણું ગામ સ્વચ્છ ગામ' ની સફાઇ ઝૂંબેશ સાથે તમામ લોકોના સાથ સહયોગથી આપણે સ્વચ્છતાને જીવનનો એક ભાગ બનાવીએ તે નેમ સાથે આ નાટકો અને ભવાઈ જસદણમાં ભજવાઈ રહ્યા છે. પ્રધાનમંત્રી નરેદ્ર મોદીએ સ્વચ્છ ભારત મિશન ને જનજન સુધી પહોંચાડવા હાકલ કરી છે, જેને રાજ્યમાં ઉત્સાહભેર વધાવી એક ઝુંબેશ સ્વરૂપે સ્વચ્છતા અંગે જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. જસદણમાં વ્યાપક સફાઈ ઝુંબેશ ચાલી રહી છે. શાળા,કોલેજ, બાગ બગીચા સહીત વિવિધ વિસ્તરમાં જેનો પ્રભાવ જોવા મળી રહ્યો છે. આ પ્રકારે સમગ્ર જિલ્લા અને તાલુકામાં કલેકટર અને જિલ્લા વિકાસ અધિકારીની સૂચના મુજબ અવિરત કામગીરી ચાલી રહી છે.

# ડોંડી ડેમના હેઠવાસના ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકા પાસે આવેલ ડોંડી જળાશયમાં પાણીનો ઇનફ્લો ૧૦૦૨ કયુસેક છે. જળાશયમાં પાણીનું લેવલ ૧૦૨.૧૫ મીટર છે. જળાશય વરસાદી પાણીથી ૭૦ ટકા ભરાયેલ હોવાથી રુલ લેવલ જાળવવા પાણી છોડવામાં આવે ત્યારે ડોંડી ડેમના હેઠવાસમાં આવેલ પડધરી તાલુકાના પાંભર ઈંટાળા, નાના ઈંટાળા, લક્ષ્મી ઈંટાળા, હિદડ સહિતના ગામોના લોકોને સલામત સ્થળે ખસી જવા, નદીના પટમાં તથા કાંઠા વિસ્તારમાં અવરજવર ન કરવા ફ્લડ કંટ્રોલ સેલની યાદીમાં સુચના આપવામાં આવી છે.

# મોરબી રોડ ગિરિરાજ પાર્ટી પ્લોટ પાસે ડમ્પરની અડફટે બાઇક સવાર પ્રૌઢનું મોત



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના મોરબી રોડ પર ગિરિરાજ પાર્ટી પ્લોટ પાસે બની હતી. બાઇક પર જઈ રહેલા પ્રૌઢને એક ડમ્પર ચાલકે ઠોકરે લેતા ગંભીર ઈજા પહોંચતા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતા. અહીં ટૂંકી સારવારમાં જ તેઓએ દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી હતી.

આ અંગેની મળતી માહિતી મુજબ, પેડક રોડ મારુતિ નગર સોસાયટીમાં ૫૨ વર્ષીય જિતેન્દ્રભાઈ લાલજીભાઈ વસોયા બુધવારે સવારે ૧૦.૩૦ વાગ્યા આસપાસ પોતાનું ટુ વ્હીલર લઈને કામ અર્થે મોરબી રોડ પર જઈ રહ્યાં હતા દરમિયાન ગીરીરાજ પાર્ટી પ્લોટ પાસે પહોંચતા જ પાછળથી પુરપાટ ઝડપે ઘસી આવેલા ડમ્પર ચાલકે તેઓને બાઈક સહિત હડફેટે લીધા હતા.આ ઘટનામાં જીતેન્દ્રભાઈને માથાના ભાગે અને શરીરમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

રાહદારી દ્વારા તુરંત જ ૧૦૮ ઈમરજન્સીમાં જાણ કરતાં જીતેન્દ્રભાઈને સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર જ તેઓએ દમ તોડી દીધો હતો. બનાવ અંગે જાણ થતાં જ બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલે પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. મૃતક જીતેન્દ્રભાઈ ફેબ્રિકેશનનું કામ કરતા હતા અને તેઓને સંતાનમાં બે પુત્રી છે. બનાવથી પરિવારમાં શોક છ્વાઈ જવા પામ્યો છે. ડમ્પરો, ભારે વાહનો અવારનવાર શહેરમાં જીવલેણ અકસ્માતો સર્જતા રહે છે છતાં ટ્રાફિક પોલીસનું જાણે ધ્યાન તો નાના વાહનોને ટાર્ગેટ કરવાનું જ.

# ગોંડલના ગોમટા પાસેના કોલ્ડ સ્ટોરેજમાં કામ નહીં કરવાનું કહીં બે શ્રમિકો પર હુમલો

## અજાણ્યા આઠ બુકાની ધારીઓ તુટી પડયાઃ ફરીયાદ નોંધાઇ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલના ગોમટા પાસેના કોલ્ડ સ્ટોરેજમાં કામ નહીં કરવાનું કહીં બે શ્રમિક યુવાન પર આઠેક બુકાનીધારી શખ્સોએ ઘસી આવી લોખંડના સળીયા અને ધોકાથી હુમલો કરતાં બંને યુવાનને સારવારમાં ખસેડાયા હતા. બનાવ અંગે ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ અંગેની વિગતો મુજબ ગોંડલના ગોમટા નજીક ચરખડીના પાટીયા પાસે પરદેશ ક્વીક ફુડ નામની કંપનીમાં રહેતા અબિનપકુમાર અમરજીતકુમાર મોર્ય (ઉ.વ.૨૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યાં આઠ શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તે છેલ્લા પાંચેક મહીનાથી ગોમટા ગામે ચરખડી પાટીયા પાસે આવેલ પરદેશ ક્વીક ફુડ કંપનીમા ઓપરેટર તરીકે નોકરી કરે છે.

ગત તા. ૧૮ ના રાત્રીના સમયે તેમના મામાનો દીકરો અરવિંદકુમાર ઉમોરીયા સાથે તે કંપનીની ઓરડીમા સુઇ ગયેલ બાદ રાત્રીના બે વાગ્યાના અરસામા ઓરડીનો દરવાજો કોઈ ખખડાવતુ હોય તેવો અવાજ આવતા તે ઉભો થઈને ઓરડીનો દરવાજો ખોલતા સામે ત્રણ ચાર અજાણ્યા વ્યક્તીઓ મોઢે રૂમાલ જેવા કપડા બાંધેલ હતા અને અજાણ્યા શખ્સોએ ઓરડીમા ઘસી આવી અને તેઓના હાથમા રહેલા લોખંડના સળીયા તથા લાકડીથી તેમને મારવા લાગ્યાં હતાં. પોતે દેકારો કરતા બાજુમા સુતેલ મારા મામાનો દીકરો જાગી ગયેલ અને ઉભા થવા લાગતા આ લોકો અરવિંદકુમારને લોખંડના સળીયા તથા ધોકાથી આડેધડ શરીરે માર મારવા લાગતા તેઓ આરોપીને ધક્કા મારી ઓરડી બહાર નીકળતા હતા. ત્યારે સામેથી બીજા ત્રણ ચાર મોઢે રૂમાલ બાંધેલ શખ્સો દોડી આવી બંને યુવાન પર હુમલો કરી દિધો હતો. દરમિયાન યુવાને દેકારો કરવા લાગતાં બાજુમા બીજા સીક્યુરીટી ગાર્ડ મોહનભાઈ રાખસીયાએ ટોર્ચથી અજવાળુ કરતા આરોપીઓ માર મારતા અટકી ગયેલ અને કહેવા લાગેલ કે, આ કંપનીમા કોલ્ડ સ્ટોરેજનુ કામ કરો છો, તે છોડીને જતા જતા રહેજો, હવે આ કંપનીમા દેખાશો તો જાનથી મારી નાખીશુ તેમ ધમકી આપી હથીયારો લઇ ઓરડીની પાછળ આવેલ દિવાલ કુદીને જતા રહેલ હતા. બાદમાં બંને ઈજાગ્રસ્તને સારવાર અર્થે ગોંડલ ખસેડાયા હતાં. બનાવના કારણ અંગે ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ કોલ્ડ સ્ટોરેજમાં કામ કરતા હોવાનું આ અજાણ્યા માણસોને સારૂ લાગતુ નહી હોય જેથી ઓરડીમાં આવી માથાકુટ મારામારી કરી ગાળો આપી અને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ગોંડલ તાલુકા પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

# રાજકોટમાં નેપાળી યુવકે ગળે ફાંસો ખાઇ જિંદગીનો અંત આણ્યો

## આપઘાતનું કારણ અકબંધ; મોટોભાઈ બહારથી ઘરે આવતા નાના ભાઈનો મૃતદેહ લટકતો'તો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના યુનિ.રોડ પર ઇન્દિરા સર્કલ પાસે એપાર્ટમેન્ટમાં રહેતા નેપાળી યુવાને અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી આપઘાતનો કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ ઇન્દિરા સર્કલ પાસે આવેલા કોમલ એપાર્ટમેન્ટમાં રહેતા મુળ નેપાળના વતની સંજય પ્રેમભાઈ ટમટા (ઉ.વ.૨૦)નામના યુવાને આજે સવારે એપાર્ટમેન્ટના પાર્કિંગમાં આવેલા પોતાના રૂમમાં પંખા સાથે ચૂંદળી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. તેનો મોટોભાઈ કામ સબબ બહાર ગયો હતો. જયાથી પરત ઘરે આવ્યો ત્યારે નાનાભાઈએ લટકો જોઈ હતપ્રભબની ગયો હતો. બનાવની જાણ થતા

પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અને જરૂરી કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડી વધુ તપાસ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક બે ભાઈ એક બહેનમાં નાનો અને અગાઉ સ્પામા કામ કરતા હતો. બે મહિના કામે જતો ન હોવાનુ જાણવા મળ્યુ છે. તેને આપઘાત શા માટે કરી લીધો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જાફરાબાદમાં દરિયો તોફાની બનતા બે દિવસમાં ચાર બોટ લાપતાઃ કુલ ૫ બોટ ડુબીઃ ૧૧ ખલાસી હજુ લાપતા

## દરિયાકાંઠાના વિસ્તારોમાં અતિ ભારે વરસાદને પગલેએક બોટ વલસાડ નજીકથી મળીઃ પરિસ્થિતિ ગંભીર બનતા ધારાસભ્ય સોલંકી અને કલેકટર જાફરાબાદ બંદરે પહોચ્યા

**મુખ્ય સમાચાર, અમરેલી**


સૌરાષ્ટ્ર-કચ્છમાં છેલ્લા બે દિવસથી ભારે વરસાદી માહોલ સર્જાયો છે. ખાસ કરીને દરિયા કાંઠાના વિસ્તારોમાં અતિભારે વરસાદને કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી પરિવહન વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે, તો બીજી બાજુ દરિયામાં માછીમારો માટે ભયજનક પરિસ્થિતિ ઊભી થઈ છે. દરિયો છેલ્લા બે દિવસથી પ્રચંડ તોફાને ચડ્યો છે, જેના કારણે અમરેલી જિલ્લામાં દરિયાઈ દુર્ઘટનાઓની શ્રેણી સર્જાઈ છે.

જાફરાબાદ અને ઉના નજીકના દરિયામાં અત્યાર સુધી ચાર બોટે જળ સમાધિ લીધી છે. ગઈકાલે સાંજના સમયે જાફરાબાદની જયશ્રી નામની બોટ અને ઉનાના રાજપરાની મૂરલીધર નામની બોટ દરિયાની તરંગોમાં સપડાઈને ડૂબી ગઈ હતી. આ બંને બોટમાં કુલ ૧૮ ખલાસીઓ સવાર હતા. જેમાંથી કોસ્ટગાર્ડની મદદથી ૧૦ ખલાસીઓને સફળતાપૂર્વક રેસ્કયુ કરવામાં આવ્યા હતા, પરંતુ બાકીના ૮ ખલાસીઓ હજુ સુધી લાપતા છે. આજે સવારે જાફર-ાબાદની બીજી એક દેવકી નામની બોટ પણ દરિયામાં તૂટી પડી હતી. આ બોટમાં ૧૦ ખલાસીઓ સવાર હતા, જેમાંથી ૭ ને સુરક્ષિત બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે ૩ ખલાસીઓ હજુ સુધી દરિયામાં લાપતા છે. આમ માત્ર બે દિવસના ગાળામાં અમરેલીના દરિયામાં ૪ બોટો તોફાની મોજાંનો ભોગ બની ગઈ છે.

આ દુર્ઘટનાઓમાં કુલ ૧૧ ખલાસીઓ હજુ સુધી લાપતા છે. જ્યારે જાફરાબાદની એક બોટ વલસાડ નજીક આવેલ દાણુંના દરિયામાં માછીમારી કરવા ગયેલ ત્યારે તે બોટ દરિયાઈ તોફાનના કારણે ત્યાં ડુબી જવાબ પામેલ હતી. જો કે આ બોટના તમામ ખલાસીઓ સલામત હોવાથી થોડી રાહત થવા પામેલ છે.કોસ્ટગાર્ડના હેલીકોપ્ટર અને નૌકાદળની ટીમો જાફરાબાદ પંથકમાં રેસ્કયુ ઓપરેશન ચલાવી રહી છે, પરંતુ તોફાની હવામાનને કારણે કામગીરીમાં ભારે અડચણો આવી રહી છે. દરિયામાં ઊંચા મોજાં અને તેજ પવન હોવાને કારણે શોધખોળના પ્રયાસો ધીમા પડી ગયા છે. છતાં પણ બચાવ ટીમો સતત પ્રયત્નો કરી રહી છે કે લાપતા ખલાસીઓને શોધી શકાય. પરિસ્થિત ગંભીર બનતા આજે સવારે રાજુલાના ધારાસભ્ય હિરાભાઈ સોલંકી અને અમરેલી જિલ્લાના કલેક્ટર તાત્કાલિક જાફરાબાદ બંદરે પહોંચી ગયા હતા. તેમણે બચાવ કામગીરીની સમીક્ષા કરી અને અધિકારીઓને જરૂરી સુચનાઓ આપી હતી. ખલાસીઓના પરિવારજનો પણ બંદર પર ઉમટી પડ્યા છે અને પ્રિયજનોની સલામતી માટે ચિંતિત છે.આ ઘટનાઓ બાદ સ્થાનિક તંત્ર દ્વારા માછીમારોને મંજુરી મળ્યા પહેલાં દરિયામાં ન જવા ચેતવણી આપવામાં આવી છે. હાલની પરિસ્થિતિને જોતા તંત્ર સતર્ક છે અને તોફાની દરિયામાં ચાલી રહેલા ઓપરેશનને વધુ ગતિ આપવાના પ્રયાસો થઈ રહ્યા છે.

# શાપરમાં જુની અદાવતમાં યુવાન ઉપર પાડોશી સહિતના શખ્સોનો હુમલો

## ૧૦ દિવસ પુર્વે મને મારવા આવ્યા ત્યારે તું બચાવવા કેમ ના આવ્યો? પાડોશી છો તો કામ ન આવ્યો તેમ કહી માર માર્યાનો આરોપ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં દસ દિવસ પૂર્વે યુવકને અજાણ્યા શખ્સો મારવા આવ્યા હતા. જેનો ખાર રાખી પાડોશમાં રહેતા યુવકને મને મારવા આવ્યા ત્યારે તું બચાવવા કેમ ન આવ્યો પાડોશી છો તો કામ ન આવ્યો તેમ કહીને માર માર્યો હતો. હુમલામાં ઘવાયેલા યુવકને સારવાર માટે રાજકોટ ખસેડવામાં આવ્યો હતો. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ શાપર વેરાવળમાં આવેલ શાંતિધામ સ્ટેશન રોડ પર રહેતા રમેશ ઉકાભાઈ ઝાલા નામનો ૪૨ વર્ષનો યુવાન રામદેવનગરમાં હતો ત્યારે કાના અને તેની સાથેના શખ્સોએ પથ્થરમારો કરી છરી વડે હુમલો કર્યો હતો.

યુવકને ઇજા પહોંચતા તાત્કાલિક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે શાપર પોલીસને જાણ કરતાં શાપર પોલીસ મથકનો સ્ટાફ સિવિલ હોસ્પિટલ ખાતે દોડી આવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં આરોપીને એક મહિના પહેલા ઝઘડો થતા ૧૦ જેટલા લોકો તેને ઘરે મારવા માટે આવ્યા હતા. જેનો ખાર રાખી હુમલાખોર શખ્સે ઈજાગ્રસ્ત રમેશ ઝાલાને મને મારવા આવ્યા ત્યારે તું બચાવવા કેમ ન આવ્યો પાડોશી છે તો કામ ન આવ્યો તેમ કહીને દારૂના નશામાં ઝઘડો કરી માર માર્યો હતો. યુવકને ઘરમાં પુરી દીધો હોવા છતાં હુમલાખોર શખ્સોએ બહાર કાઢી માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે શાપર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટ મનપાની ફાયર શાખા માટે આઠ નવા રેસ્કયુ વ્હીકલ ખરીદાશેઃ ઇસ્ટ અને વેસ્ટ ઝોનમાં ત્રણ નવા સર્કલ આકાર લેશે

## આવતીકાલે સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૫૨ દરખાસ્તો પર ચર્ચા-વિચારણા કરાશે



**મુખ્ય સમાચાર, રાજકોટ**

આવતીકાલે રાજકોટ મનપાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક મળશે. જેમાં કરોડોના વિકાસ કામોને મંજૂરી આપવા સાથે જુદીજુદી ૫૨ દરખાસ્તો પર ચર્ચા-વિચારણા કરાશે. ખાસ કરીને મનપાની ફાયર શાખા માટે આઠ નવા રેસ્કયુ વાહન ખરીદવાની દરખાસ્ત મુકાઇ છે. તેમજ શહેરના ઇસ્ટ અને વેસ્ટ ઝોનમાં પીપીપી ધોરણે ત્રણ નવા સર્કલ કરવાની દરખાસ્ત પણ મ્યુ. કમિશનર દ્વારા સ્ટેન્ડિંગ સમક્ષ મુકાઇ છે. આ સાથે રાજકોટ મનપા અને ઇકલી સાઉથ એશિયા વચ્ચે થનારા એમઓયુને મંજૂરી આપવા પણ ચર્ચા-વિચારણા થશે. શહેરના વોર્ડ નં.૪માં મધુવન મેઇન રોડ પર પાર્ટી પ્લોટ ડેવલોપ કરવાની દરખાસ્ત પણ મુકાઇ છે.

# શેરીમાં લઘુશંકા કરવા મુદ્દે પિતા-પુત્ર સહિત ત્રણ પર ૧૨ શખ્સો તુટી પડયા

## છરી વડે હુમલો કરી કારમાં તોડફોડ કર્યાની મહિલા સહિત અન્ય શખ્સો વિરૂધ્ધ ફરીયાદ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

થોરાળા વિસ્તારમાં રહેતો યુવાન શેરીમાં લઘુશંકા કરતો હતો ત્યારે પાડોશીએ અમારી શેરીમાં કેમ લઘુશંકા કરે છેતેમ કહી ઝઘડો કરી હુમલો કર્યો હતો. છરી વડે હુમલો કરી ઇટ અને પથ્થરના છૂટા ઘા કરી કારનો કાચ ફોડી નાખી તોડફોડ કરી હતી. આ હુમલામા પિતા-પુત્ર સહિત ત્રણ લોકોને ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા આ અંગે પોલીસે મહિલા સહિત ૧૨ શખ્સો સામે હુમલા, તોડફોડ, રાયોટિંગ અને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગત મુજબ નવા થોરાળા મેઇન રોડ પર આંબેડકર નગર શેરી નં.૧માં રહેતા અજય રાજેશભાઈ રાઠોડ(ઉ.વ૨૯)નામના યુવાને થોરાળા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે પાડોશમાં રહેતા સોનલ વિપુલભાઇ દેવીપૂજક, સુનીલ વિપુલ દેવીપૂજક,વિપુલ દેવીપૂજક, વિપુલનો બીજો દીકરો, કાગડી, ભનાબેન કાગડી, સન્નીની પત્ની તેજલ, સન્નીનો દીકરો, કાગડીનો મોટો દીકરો, મણીભાઈ અને કાગડીનો બીજો દીકરો સહિતના નામ આપ્યા છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૧૮ના રાત્રે ૮ વાગ્યે તેના પિતાને ગોતવા માટે બહાર નીકળ્યો હતો ત્યારે પાછળની શેરીમાં પહોંચતા તેને લઘુશંકા લાગતા તે શેરીમાં લઘુશંકા કરવા ઉભો હતો ત્યારે ત્યા રહેતા વિપુલ દેવીપૂજકની પત્ની સોનલ અને તેનો પુત્ર સુનીલ બન્ને એ આવી નઅમારી શેરીમાં કેમ લઘુશંકા કરે છેથ અહીં કમે આવેલ તેમ કહી ઝઘડો કરવા લાગેલ અને સુનીલ છરી કાઢી હુમલો કરવા જતા તે બચી ગયો હતો બાદમાં તમામ આરોપીઓ ભેગા થઈ જતા ફરિયાદી ત્યાથી ભાગવા લાગેલ જેથી આરોપીઓએ પાછળથી ઈટ અને પથ્થરના છૂટા ઘા કરવા લાગ્યા હતા. ફરિયાદી પાડોશમાં રહેતા પ્રકાશભાઈની કાર પાછળ સંતાઇ જતા આરોપીઓએ પથ્થરના ઘા કરી કારનો પાછળનો કાચ તોડી નાખ્યો હતો દરમિયાન તેનો ભાઇ અને પિતા બચાવવા આવતા આરોપીઓએ છરી અને છૂટા પથ્થરના ઘા કરી ત્રણેય ઉપર હુમલો કરી ઇજા પહોંચાડી હતી. આરોપીઓએ નહવે પછી તારા છોકરાઓ મળે એટલે તેમને છરીના ઘા ઝીંકી પતાવી દેવા છે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ હુમલામાં ધવાયેલા પિતા-પુત્ર સહિત ત્રણેયને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ અંગે થોરાળા પોલીસે હુમલો કરનાર મહિલાઓ સહિત ૧૨ આરોપીઓ વિરૂદ્ધ રાયોટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# યુવકને જ્ઞાતિ પ્રત્યે અપમાનીત કરી જાનથી મારી નાખવાની શખ્સની ધમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રૈયાધારમાં રહેતા અને કોર્પોરેશન વોર્ડ નંબર એકમાં કામ કરતા રોહીતભાઈ મેરાભાઈ જોગરાણા(ઉ.વ.૨૪)ને કરણ મકવાણાએ પૈસા બાબતે ગાળો આપી એટ્રોસીટીની ફરિયાદ કરવા ધમકી આપી હતી.આ મામલે યુનિવર્સિટી પોલીસમાં ફરિયાદ નોંધવામાં આવી છે.રોહિતભાઈએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, અગાઉ મારા ભાઇ ગોપાલભાઈને આ કરણભાઈ મકવાણા સાથે પૈસા બાબતે માથાકુટ થઇ હતી. ગઇ તા.૦૬/૦૮ના સાંજના હુ તથા મારો ભાઈ ગોપાલભાઈ તથા મારા મિત્રો અમે બધા મોમાઈ પાન પાસે પાણીના ટાંકાની બાજુમા જન્માષ્ટમીના તહેવાર નિમીતે આયોજન કરતા હતા એટલામાં ત્યાં આ કરણ નિતીનભાઇ મકવાણા રીક્ષા લઈને આવેલ અને મોમાઇ પાન વાળાને ત્યાં ફાકી લેવા ગયેલ હતો. જેથી અમો ત્યાંથી જતા રહેલ હતા અને આગળ રોડ ઉપર ઉભા હતા ત્યારે આ મોમાઈ પાન વાળા સતીષભાઈનો મારા ફોનમા ફોન આવેલ અને જણાવેલ કે કરણભાઇ મકવાણા અત્યારે મારી દુકાને આવેલ હતો અને તે તારૂ નામ તથા તારા ભાઈ ગોપાલભાઇનુ નામ લઈને કહેતો હતો કે આ રોહીત તથા ગોપાલ ઉપર એટ્રોસિટીની ખોટી ફરીયાદ કરવી છે અને મારી પત્નિને સાથે લઇ જઇ તેની છેડતીની પણ ફરીયાદ દાખલ કરાવવી છે તેવી વાતો કરી અહીંથી ઉગ્ર થઈ

જતો રહેલ છે તેમ વાત કરેલ તે અરસામા આ કરણભાઈ મકવાણાના મોબાઈલ પરથી મારા ફોનમાં ફોન આવેલ અને મને કહેવા લાગેલ કે તમો ભરવાડ તમને બહુજ પૈસાની હવા આવી ગઇ છે તો હવે તમારી સાથે સમજી લેવુ છે એમ કહી ગાળો આપી હતી. ત્યારબાદ મને કહેવા લાગેલ કે તુ મને અત્યારે ભેગો થા એટલે તને છરીના ઘોદા મારી દેવા છે અને તારા ઉપર હવે સિટી એટલે કે એટ્રોસિટીના કેશમા ફીટ કરાવી દેવો છે તેવી ધમકી આપેલ જેથી અમોએ તેને રૂબરૂ વાતચીત કરવા જણાવેલ હતુ. આ પણે સમાધાન કરી લઇએ તેમ વાત કરતા આ કરણભાઈ મને કહેવા લાગેલ કે તારે સમાધાન કરવુ હોય તો તારે પગારના પૈસા પણ મને જ આપવા પડશે તો જ સમાધાન થાશે નહીતર હુ તારા ઉપર તથા તારા ભાઈ ઉપર એટ્રોસિટીની ફરીયાદ કરીશ તેવી ધમકી આપેલ હતી.

# સમૃદ્ધ ગુજરાતના માત્ર ૭ ટકા કરદાતાની આવક ૧૨ થી ૫૦ લાખ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

સમૃદ્ધ અને ઔદ્યોગીક રાજયની ગણના પામતા ગુજરાત મધ્યમ વર્ગની સંખ્યામાં દેશના ટોપ-૧૦ રાજયોમાં પણ સામેલ નથી. વાર્ષિક ૧૨ થી ૨૦ લાખની આવક ધરાવતા વર્ગમાં ગુજરાત ઘણુ પાછળ છે. સંસદમાં મધ્યમ વર્ગની રાજયવાર સંખ્યા સંબંધી રિપોર્ટ પેશ થયો હતો તેમાં આ ખુલાસો થયો હતો.

આકારણી વર્ષ ૨૦૨૪-૨૫ માં વાર્ષિક ૨૫ થી ૫૦ લાખની આવક ધરાવતા કરદાતાઓની સંખ્યામાં મહારાષ્ટ્ર મોખરે છે.૧.૪ લાખ લોકોની આવક આ રેન્જમાં હતી. બીજા ક્રમે કર્ણાટક તથા ત્રીજા સ્થાને તામીલનાડુ છે.

આ રાજયોમાં ૨૫ થી ૫૦ લાખની આવક ધરાવતા લોકોની સંખ્યા અનુક્રમે ૧.૩૦ લાખ તથા ૭૮૨૦૦ હતી ચોથા ક્રમે ઉતર પ્રદેશમાં આ સંખ્યા ૭૦૨૦૦ છે.તેલંગાણામાં ૬૦૮૦૦ પશ્ચિમ બંગાળમાં ૪૩૯૦૦, દિલ્હીમાં ૪૨૭૦૦, હરિયાણામાં ૩૪૪૦૦, કેરળમાં ૨૬૯૦૦ તથા આંધ્રપ્રદેશમાં ૨૬૭૦૦ છે.

નાણાંકીય વર્ષ દરમ્યાન ભરાયેલા આવકવેરા રીટર્નનાં આધારે આ આંકડાકીય વિશ્લેષણ કરવામાં આવ્યું છે અને તેમાં મધ્યમ ઉચ્ચ મધ્યમવર્ગના આંકડા દર્શાવવામાં આવ્યા છે.

આવકવેરા રિટર્નનાં આધારે મહત્વનું તારણ એ નિકળે છે કે મહતમ કરદાતા ૨.૧૦ લાખથી ૭.૫૦ લાખની આવક કેટેગરીમાં છે. જયારે ૨૪ લાખથી વધુની આવક ધરાવતાં કરદાતાઓની ટકાવારી માત્ર ૨.૫૦ ટકા જ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નામચીન શખ્સના ત્રાસથી સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સરે કર્યો આપઘાતનો પ્રયાસ

રાજકોટ જંક્શન પ્લોટ હંસરાજનગરમાં માતા સાથે રહેતી જન્નત ચાર મહિના પહેલા માનેલા ભાઈ મારફત ગુજસીટોકના આરોપી ઈમ્તિયાઝના સંપર્કમાં આવતાં પ્રેમ થયો હતોઃ પ્ર.નગર પોલીસે ગુનો નોંધી ઈમ્તિયાઝની શોધખોળ હાથ ધરીઃ સ્યુસાઈડ નોટ, વિડીયોમાં ચોંકાવનારા આક્ષેપો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં જંક્શન પ્લોટ વિસ્તારમાં રહેતી સોશિયલ મિડીયા ઈન્ફલુએન્સર યુવતિને દૂધની ડેરી પાસે રહેતાં અને અગાઉ ગુજસીટોકના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલા ઈમ્તિયાઝ ઉર્ફ લાલાએ સતત ધમકી આપી ધરાર સંબંધ રાખવા દબાણ કરતાં તેણીએ ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાતા પોલીસે ગુનો દાખલ કર્યો છે.

આ બનાવમાં પ્ર.નગર પોલીસે જંક્શન મેઈન રોડ પર દેવી હોલ પાસે હંસરાજનગર-૨ સાગર એપાર્ટમેન્ટ બ્લોક નં. ૨૦૩માં રહેતી સમાબેન કમરૂભાઈ ભાયાણી (ઉ.વ.૨૫)ની ફરિયાદ પરથી દૂધની ડેરી વિસ્તારમાં હાઉસીંગ બોર્ડ ક્વાર્ટર પાસે રહેતાં ગુજસીટોકના ગુનામાં અગાઉ સંડોવાઈ ચુકેલા અને નામચીનની છાપ ધરાવતાં ઈમ્તિયાઝ ઉર્ફ લાલો ભીખુભાઈ રાઉમા વિરૂધ્ધ ધમકીનો ગુનો નોંધ્યો છે.

તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું મારા માતા હનીફાબેન અને આઠ વર્ષના દિકરા સાથે રહુ છું. ચારેક મહિના પહેલા દુધની ડેરી ફારૂકી મસ્જીદ પાસે રહેતાં હનન આરીફભાઈ ચાવડા કે જેને મેં ભાઈ માનેલો છે તેના મારફતે ઈમ્તિયાઝ રાઉમા સાથે મારો પરિચય થયો હતો.

આ પછી મારા અને ઈમ્તિયાઝ વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. બે ત્રણ મહિના પ્રેમસંબંધ ચાલ્યો હતો. ત્યારબાદ ઈમ્યિતાઝ દારૂ પીને મારા ઘરે આવી અવાર-નવાર મારી સાથે માથાકુટ કરતો અને ગાળો દેતો હોઈ જેથી મેં તેની સાથે સંબંધ રાખવાની ના પાડી દીહતી. જેથી ઈમ્તિયાઝ અવાર-નવાર ઘરે આવી મારી સાથે અને મારા મમ્મી સાથે માથાકુટ કરી અમોને હેરાન પરેશાન કરતો હતો. છેલ્લા વિસ દિવસથી ઈમ્તિયાઝ રાઉમા તેના ફોનમાંથી મારા માનીતા ભાઈ હનન ચાવડા અને અહેમદ સુમરાના ફોનમાં ફોન કરી તેઓના ફોન દ્વારા મને કોન્ફરન્સ કોલમાં લઈ વાત કરતો હતો અને કહેતો હતો કે મારી સાથે સંબંધ નહિ રાખ તો જાનથી મારી નાંખીશ. તેમજ ભુંડી ગાળો દેતો હતો.

ત્યારબાદ ૧૮/૮ના રોજ હું મારા ઘરે હતી ત્યારે ફરીથી ઈમ્તિયાઝે મોબાઈલ ફોન કર્યો હતો અને કહ્યું હતું કે તું મારી સાથે સંબંધ રાખ નહિતર તને અને તારા પરિવારને શાંતિથી જીવવવા નહિ દઉ અને તું જ્યાં મળીશ ત્યાં જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. પીઆઈ વી.આર. વસાવાની રાહબરીમાં એએસઆઈ એસ. વી. જોરાએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# બે માસ પૂર્વે સ્નેપ ચેટ મારફતે પરિચય કેળવી શખ્સે સગીરા પર દુષ્કર્મ આચર્યુ

પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રહેતી ૧૫ વર્ષિય સગીરા સાથે શખસે બે માસ પૂર્વે સ્નેપ ચેટ મારફતે પરિચય કેળવી શિકાર બનાવી બળજબરી દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

યુનિવર્સિટી રોડના વિસ્તારમાં રહેતી અને એરપોર્ટ રોડ પર ઘરકામ કરતી ૧૫ વર્ષિય સગીરાએ ગાંધીગ્રામ પોલીસમાં આરોપી તરીકે કાર્તિક ભરવાડ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે બે માસ પૂર્વે તેણીને સોશ્યલ મીડીયાના સ્નેપ ચેટ મારફતે કાર્તિક સાથે પરિચય થયો હતો બાદ બન્ને મેસેજમાં વાતચીત શરૂ કરી નંબરની આપ-લે કરી હતી.બાદ શખસે તેણીને લોકમેળામાં જવાનું કહેતા તેણી હા પાડેલ હતી. જેથી બન્ને મેળામાં સાથે ફરવા ગયા હતા.મેળામાંથી શખસે પોતાનું ઘર છે તેમ કહી કોઈ અન્યના ઘરે જઈ લઈ બળજબરી દુષ્કર્મ આચરી બીજા દિવસે સવારે રેસકોર્ષ ઉતારી નાશી ગયો હતો.બાદ તેણીએ ઘરે જઈ પરિવારને વાતચીત કરતા મામલો પોલીસમાં પહોંચ્યો હતો અને પોલીસે ભોગ બનનારની ફરિયાદ પરથી કાર્તિક ભરવાડ સામે ગુનો નોંધી પીઆઈ સેજલ મેઘાણીએ આરોપીને ઝડપી પાડવા શોધખોળ હાથ ધરી છે.

# કાલાવડ રોડ પર સિલ્વર એવન્યુમાં રૂ.૫.૯૦ લાખના વિદેશી દારૂ સાથે બુટલેગરની ધરપકડ



ભગવતીપરામાં મોમાઈ રેસીડન્સીના રહેણાંક મકાનમાં રૂ.૧.૩૬ લાખનો વિદેશી દારૂ મળ્યોઃ કુબલીયાપરામાં ૧૪૦ લીટર દેશી દારૂ સાથે બુટલેગરને ઝડપી લેતી ગુન્હા નીવારણ શાખાની ટીમ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સાતમ-આઠમના તહેવારો પૂર્ણ થયા બાદ શહેર પોલીસ બંદોબસ્તમાંથી મુકત થતા પોલીસે શહેરમાં દેશી-વિદેશી દારૂના હાટડા ચલાવતા બુટલેગરો સામે કાર્યવાહી શરૂ કરતા કાલાવડ રોડ પર પરીમલ સ્કૂલ પાછળ આવેલ સિલ્વર એવન્યુ અને ભગવતીપરામાં મોમાઈ રેસીડન્સીમાં વિદેશી દારૂના બે દરોડા પાડી લાખોનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

પ્રથમ દરોડામાં ગુન્હા નીવારણ શાખાના ઈન્ચાર્જ પીઆઈ એમ.આર.ગોંડલીયાના માર્ગદર્શન હેઠળ એએસઆઈ મહિપાલસિંહ ઝાલા તથા ધનશ્યામસિંહ ચૌહાણ અને હેડ કન્સ. હરદેવસિંહ રાણા સહિતનો સ્ટાફ કાલાવડ રોડ પર પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમીના આધારે પરીમલ સ્કૂલ પાછળ આવેલ સિલ્વર એવન્યુમાં રહેતો કિશોરસિંહ ગજરાજસિંહ જાડેજાના રહેણાંક મકાનમાં દરોડો પાડતા વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની ૩૬૨ બોટલ કિંમત રૂ.૫.૯૦ લાખનો જથ્થો મળી આવતા પોલીસે બુટલેગરની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે બીજા દરોડામાં બી-ડિવિઝન પોલીસના હેડ કોન્સ. કે.એન.જાડેજા, કોન્સ. મનજીભાઈ ડાંગર સહિતના સ્ટાફે ભગવતીપરામાં આવેલ મોમાઈ રેસિડન્સીમાં રહેતો સતાર કાદર સરવદી નામના રીક્ષા ચાલકના રહેણાંક મકાનમાં દરોડો પાડી વિદેશી દારૂની ૪૦ બોટલ કિંમત રૂ.૧.૩૬ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

જયારે ગુન્હા નીવારણ શાખાની ટીમના હેડ કોન્સ. કરણભાઈ તથા રાહુલગીરી સહિતના સ્ટાફે કુબલીયાપરા શેરી નં.૫માં રહેતો જતીન જનક સોલંકીને દેશી દારૂ ૧૪૦ લીટર કિંમત રૂ.૨૮૦૦૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# જેતપુરના ખેડૂતે દીકરીના અભ્યાસ માટે વ્યાજે લીધેલા ૭.૫૦ લાખના ૬૫ લાખ ચૂકવવા છતાં પઠાણી ઉઘરાણી

અલ્પેશ દોંગા, હાર્દિક પાદરિયા અને તુલસી નાથાણી સામે પોલીસ ફરિયાદઃ વ્યાજે આપેલા રૂપિયા સામે ૨૪ વીઘા જમીનનો દસ્તાવેજ પણ પડાવી લીધાનો આરોપ

**મુખ્ય સમાચાર જેતપુર**

જેતપુરના ખેડૂતે દીકરીના અભ્યાસ માટે વ્યાજે નાણા લીધા બાદ તેઓ વ્યાજના અજગર ભરડામાં ફસાયા હતા. કુખ્યાત અલ્પેશ દોંગા સહિતનાએ ખેડૂતને રૂપિયા ૭.૫૦ લાખ વ્યાજે આપી ૨૪ વીઘા જમીનનો દસ્તાવેજ કરાવી લીધો હતો. બાદમાં વ્યાજની પઠાણી ઉઘરાણી કરી ખેડૂત પાસેથી રૂપિયા ૬૫ લાખ પડાવ્યા હતા અને વધુ ૨૮ લાખની ઉપરાણી કરી મારી નાખવાની ધમકી આપતા અંતે ખેડૂતે આ અંગે રંગે જેતપુર જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ત્રણ શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

આ અંગેની મળતી માહિતી મુજબ જેતપુર તાલુકાના સ્ટેશન વાવડી ગામે રહેતા શૈલેષભાઈ ધનજીભાઈ ઉર્ફે ધનાભાઈ ભુવા (ઉ.વ ૫૨) નામના ખેડૂતે ખેડૂતે તાલુકા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કુખ્યાત અલ્પેશ દોંગા, હાર્દિક વિનુભાઈ પાદરીયા, તુલસી ઘુસાભાઈ નાથાણીનું નામ આપ્યું છે. ખેડૂતે ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમના પિતા ધનજીભાઈ ઉઠે ધનાભાઈની સ્ટેશન વાવડી ગામ સીમમાં ખાતા નંબર ૬૬૦ સર્વે નંબર ૫૯ પૈકી ૨૪ વીઘા જેટલી જમીન અમરનગર ગામના - સીમાડે આવેલી છે. વર્ષ ૨૦૨૨ માં દીકરીના અભ્યાસ માટે દેવું થઈ જતા પૈસાની જરૂરિયાત હોય જેથી મની પ્લસ ફાઈનાન્સ કંપની જેતપુરના મેનેજર વિનુભાઈ નારણભાઈ પાદરીયા (હાલ અવસાન પામ્યા છે) તેમને આ ભાબતે વાત કરી હતી. બાદમાં તેમણે જમીનની અવેજમાં લોન લેવા માટે કહ્યું હતું ખેડૂતને રૂપિયા સાડા સાત લાખની જરૂરિયાત હોય તે વખતે લોનમાં દોઢ ટકા લેખે વ્યાજ ચૂકવવાનું નક્કી થયું હતું. બાદમાં તા. ૨૬/૮/૨૦૨૨ ના વિનુભાઈના કહેવાથી ખેડૂતે તુલસીભાઈ પુસાભાઈ નાથાણી (રહે રાજકોટ) ને ૧૨ વીઘા જમીનનો તથા બીજો દસ્તાવેજ વિનુભાઈ પાદરીયા નામે કરી આપ્યો હતો. બાદમાં ખેડૂતને રૂપિયા સાડા સાત લાખ આપ્યા હતા. ખેડૂતે દોઢ વર્ષ સુધી નિયમિત વ્યાજ ભર્યું હતું. બાદમાં તેમને વિનુભાઈએ કહ્યું હતું કે, લોન લીધેલી રકમ ભરી આપો અથવા તો જમીન કેવી મૂકી છે તે જમીનનો કબજો અમને સોંપી દો તેનો દીકરો હાર્દિક વિનુભાઈ પાદરીયા ખેડૂત પાસે આવી કહ્યું હતું કે, આજથી તમારે ૨૦ ટકા લેખે વ્યાજ ચૂકવવાનું । છે અને વ્યાજના રૂપિયા ચાર લાખ લઈ ગયો હતો. બાદમાં હાર્દિક ફરીયાદીના પિતાને થમકી આપી દોઢેક મહિના બાદ સવા ચાર લાખ રોકડ લઈ ગયો હતો. ત્યારબાદ હાર્દિક તને એક માસ પછી ફરી ઘરે આવ્યો હતો અને ફરિયાદીના પત્નીની હાજરીમાં કહ્યું હતું કે, પૈસા આપી દે નહીં તો તારી પત્નીને ઉપાડી જઈશ તેવી ધમકી આપી હતી.

આ ઘટનાના બીજા દિવસે ખેડૂતે પત્નીનું મંગળસૂત્ર તથા સોનાનો દોરો વેચીને રૂપિયા ૩.૨૦ લાખ રોકડ ચૂકવ્યા હતા છતાં આ શમસે કહ્યું હતું કે હજુ તારે ૩.૫૦ લાખ આપવાના બાકી છે. ત્યારબાદ અલ્પેશ દોંગા ફરિયાદીને વાડીએ આવી વાડી ખાલી કરવાનું કહી વ્યાજના પૈસા બાબતે ધમકી આપી હતી. હાર્દિક આઠેક માસ પહેલા અહીં આવી ધમકી આપી હતી કે જમીન ખાલી કરી આપજો જો ખાલી નહીં કરી આપો તો ૩૦ લાખ આપી તારું બધું લઈ જા તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બાદમાં આપેશ તેની રાજકોટથી સ્થિત ઓફિસે મળવા બોલાવી સમાધાન કરવા જણાવ્યું હતું. ત્યારબાદ તે વાડીએ માણસો મોકલી સમાધાન કરી કરી રૂપિયા ૩૫ આપવા નક્કી કર્યું હતું તેના કહેવાથી રૂપિયા ૭.૫૦ લાખ ટ્રાન્સફર કર્યા હતા. આમ કુખ્યાત આપેશ દોંગા આણી ટોળકીએ ખેડૂતને રૂપિયા સાડા સાત લાખ વ્યાજે આપી તેના બદલામાં રૂપિયા ૬૫ લાખ પડાવી લીધા હોવા છતાં વધુ રૂપિયા ૨૮ લાખનો ઉપરાણી કરી જમીન ખાલી કરી દેવાનું કહી ખૂનની ધમકી આપતા હોય આ અંગે જેતપુર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# જંગલેશ્વરના ફાયરીંગ પ્રકરણમાં પૂર્વ નગરસેવક હરી ધવાની હત્યામાં સંડોવાયેલા આરોપીએ પોતાને હથિયાર આપ્યાનું રટણ

સુત્રધારએ હથીયારનો ગાળીયો મૃતક કાકાના નામે ઓઢાડી દિધો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જંગલેશ્વર પાસેના નિલમ પાર્કમાં કરીયાણાની દુકાન ચલાવતા યુવક પર સાતમની રાત્રીના નામચીન સહીત બે શખસોએ ફાયરીંગ કરી નાસી ગયાના બનાવમાં ભકિતનગર પોલીસે બન્ને આરોપીઓની ધરપકડ કરી રિમાન્ડ મેળવી પુછ્તાછ કરતા હથીયાર પુર્વનગર સેવક હરી ધવાની હત્યામાં સંડોવાયેલા આરોપીએ હથીયાર આપ્યુ અને તે સુત્રધાર શખસને કાકો થતો હોય તેનુ અગાઉ અવશાન થયુ હોય મૃતક કાકાના નામે હથીયારનો ગાળીયો ઓઢાડી દિધો હતો અને પોલીસને આ વાત ગળે પણ ઉતરી ગઈ હતી. અગાઉ પણ આરોપીઓ પકડાઈ તે સમયે મૃતકના નામો ખુલ્યા છે જયારે વધુ એક ઘટના બહાર આવી છે.

આ અંગેની માહિતી મુજબ જંગલેશ્વર નજીક નિલમ પાર્કમાં રહેતા શાહનવાઝ મુસ્તાકભાઈ વેત્રાણ સાતમના દિવસે રાત્રીના તેના ઘર પાસે ફોનમાં વાત કરતો હતો ત્યારે અચાનક મોટર સાઈકલમાં ઘસી આવેલા પરીયા ગઢવી અને ભયલુ ગઢવીએ ફાયરીંગ કરી નાસી જતા ધવાયેલા શાહનવાઝને સારવાર માટે હોસ્પીટલમાં ખસેડાયો હતો. બનાવને પગલે ભકિતનગર પોલીસે હત્યાની કોશીષ સહીતનો ગુનો નોધી આરોપી પુનીતનગર પાસે હાઉસીંગ બોર્ડના કવાર્ટરમાં રહેતો પરીક્ષીત ઉર્ફે પરીયો રાજુભાઈ બળદા અને જીજ્ઞેશ ઉર્ફે ભયલુ દિનેશભાઈ રાબાની ધરપકડ કરી તેની પાસેથી દેશી બનાવટની પીસ્ટલ અને એક જીવતો કાસ અને મોટર સાઈકલ કબજે કર્યા હતા.

પોલીસે વધુ પુછ્તાછ માટે બન્ને આરોપીઓના રિમાન્ડ મેળવી તેની પુછ્તાછ કરતા અગાઉ કોઠારીયા રોડ પર પુર્વ નગર સેવક હરી ધવાની હત્યામા સંડોવાયેલો મોટીયો ઉર્ફે મહેશ ગઢવી સુત્રધાર એવો પરીયા ગઢવીનો કાકો થતો હોય અને એકાદ વર્ષ પુર્વે તેના કાકા મહેશએ આપ્યાનુ અને તે હથીયાર આપ્યા બાદ તેનુ અવશાન થયાનુ રટણ કરતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.

# ખીજડીયાગામમાં મોટર ચાલુ કરવા જતા પ્રૌઢનું વીજશોકથી મોત

ત્રણ સંતાનોએ પિતાનું છત્ર ગુમાવતા પરિવારમાં કાળો કલ્પાંત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ભાગોળે કુવાડવારોડ પર આવેલા ખીજડીયા ગામે વાડીએ મોટર ચાલુ કરવા જતા વીજશોક લાગવાની પ્રૌઢનું મોત નીપજતા પરિવારમાં ગમગીની છ્વાઈ જવા પામી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ ખીજડીયા ગામે રહેતા દેવરાજભાઈ ચનાભાઈ જેસાણી(ઉ.વ.૫૭)નામના પ્રૌઢ આજે બપોરે ગામની સીમમા આવેલી પોતાની વાડીએ મોટર ચાલુ કરવા જતા હતા. ત્યારે ઈલેક્ટ્રીક બોર્ડમાં વીજશોક લાગતા તેઓ બેભાન થઈ ઢળી પડતા તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ સારવાર મળે તે પહેલા જ તેમનુ મોત નીપજ્યુ હતુ. આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી કુવાડવા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલે દોડી જઈ જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક દેવરાજભાઈ ત્રણભાઈ સાત બહેનમાં વચેટ અને તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી હોવાનુ જાણવા મળ્યુ છે.

# રાજકોટ હીરાસર એરપોર્ટ પરથી સતત બીજા દિવસે ફ્લાઈટ એકથી ચાર કલાક મોડી

મુંબઈમાં મેઘરાજાના તાંડવના કારણે ફ્લાઈટના શેડ્યુલ ખોરવાયાઃ મુંબઈથી આવતા અને રાજકોટથી જતા ૧,૦૦૦ જેટલા મુસાફરોને અસર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મુંબઈમાં મેઘરાજાના તાંડવ સામે હવાઈ યાત્રા ખોરવાઈ છે. મુંબઈ એરપોર્ટના રન-વે પર પાણી ભરાઈ જતા અનેક ફ્લાઈટના શેડ્યુલ ખોરવાયા છે. જેના પગલે મુંબઈથી રાજકોટ આવતી ફ્લાઈટ પણ એકથી ચાર કલાક સુધી મોડી પડી હતી. મંગળવાર બાદ બુધવારે ફરી એકવાર ફ્લાઈટ ડીલે થતા ૧,૦૦૦ જેટલા મુસાફરોને અસર થઈ છે.

ભારે વરસાદના પગલે રાજકોટ હીરાસર એરપોર્ટ માટે ઈન્ડિગોની સવારે ૭૦૫ વાગ્યે મુંબઈથી ઉપડી રાજકોટ ૮૧૫ વાગ્યે પહોંચતી ૬ ૬૧૩૩ ફ્લાઈટ બપોરે ૧૧ વાગ્યા બાદ આવી હતી. આ ૬ ૫૧૬૭નંબરની ફ્લાઈટ દરરોજ સવારે ૯ વાગ્યે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી ઉડાન ભરે છે અને ૧૦૨૦ વાગ્યે મુંબઈ પહોંચે છે. જોકે આ ફ્લાઈટ મુંબઈથી જ મોડી ઉપડતા ત્યાંથી આવતા અને અહીંથી મુંબઈ જતા ૨૦૦થી વધુ મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. તે ઉપરાંત બપોરે અને સાંજે આવતી ઈન્ડિગોની બે અને એર ઈન્ડિયાની એક ફ્લાઈટ પણ એક કલાક જેટલી ડીલે થઈ હતી. ત્યારે ઉલ્લેખનિય છે કે મંગળવારે પણ રાજકોટ હીરાસર એરપોર્ટ પરથી મુંબઈ માટે ઉડાન ભરતી ફ્લાઈટોના શેડ્યુલ ખોરવાયા હતા. મંગળવારે ઈન્ડિગોની ત્રણ અને એર ઈન્ડિયાની એક ફ્લાઈટ બેથી ચાર કલાક સુધી મોડી પડી હતી. જેના કારણે મુંબઈથી આવતા અને રાજકોટથી જતા ૧,૦૦૦ જેટલા મુસાફરો પરેશાન થયા હતા.

# રીબડા પેટ્રોલ પંપ ફાયરિંગના સૂત્રધાર હાર્દિકસિંહનો કબજો લેતી ગોંડલ પોલીસ

કોર્ટમાં રિમાન્ડ મંગાશે, પૂછપરછમાં શાર્પશૂટરને હથિયાર અને બાઈક આપનાર અને મદદગારી કરનારના નામ ખુલશે

**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ તાલુકા પોલીસે સુરતની લાજપોર જેલમાંથી કબજો મેળવ્યો હતો. હવે તેને રિમાન્ડની માગણી સાથે કોર્ટમાં રજૂ કરાશે.રાજકોટના અમીનમાર્ગ ઉપર મિત્રની હત્યામાં જેલમાં રહેલા અને પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગત તા. ૨૪ જુલાઈના રોજ રીબડાના રીબડામાં અનિરુધ્ધસિંહ જાડેજાના ભત્રીજાના પેટ્રોલ પંપ ઉપર શાર્પશૂટરો પાસે ફાયરિંગ કરાવનાર હાર્દિકસિંહ દેશના અલગ અલગ સાત રાજયો માં ફરાર રહ્યા બાદ અંતે તેને કોચીની એક હોટલ માંથી ઝડપી લેવામાં સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમને સફળતા મળી હતી. યુપીના શાર્પ શુટરને સોંપારી આપી ફાયરીંગ કરાવ્યા હતા અને બાદ મૂળ અડવાળના હાર્દિકસિંહ સિંહ જાડેજાએ સોશ્યલ હરદેવસિંહ મીડિયામાં પોતે શાર્પ શુટર પાસે ફાયરીંગ કરાવ્યા હોવાનો વિડીયો વાયરલ કરી પોલીસને પકડી લેવા ચેલેન્જ પણ આપી હતી. આ મામલે રાજકોટ જીલ્લા પોલીસેની અલગ અલગ ૭ જેટલી ટીમ તપાસમાં લાગી હતી.ફાયરીંગમાં સંડોવાયેલ યુપીના આણણા ખાતે રહેતો બિપીનકુમાર અને વિરેન્દ્રસિંહ જાટ, અભિપેકકુમાર પવનકુમાર જીંદાલ, પ્રાનસકુમાર અગ્રાવાલ અને અમદાવાદના નામચીન ઈરફાન મહમદ રઈશની ધરપકડ કરી હતી.

રીબડા પેટ્રોલ પંપ ઉપર બે શાર્પસેટર પાસે ફાયરીંગ કરાવનાર રાજકોટની યુનિવર્સીટી રોડ ભીડ ભંજન ભંજન સોસાયટી, સોસાયટી, શેરી શેરી . નં-૨માં રહેતા મૂળ જામકંડોરણા અડવાળના વતની હાર્દિક સિંહ હરદેવસિંહ જાડે જા અલગ-અલગ સ્થળોએ છુપાઈને રહેતો હતો. સ્થળ છોડતા પહેલા તે વિડીયો વાયરલ કરી ૫૦ કિલોમીટર દુર નાસી જતો હતો. પોલીસની ટીમો તેની પાછળ પકડવા માટે રાજસ્થાન, હિમાચલ, ઉતરાચલ, દિલ્લી, મુંબઈ બાદ કેરળ પહોંચી હતી. કોચીની હોટલમાં ફરાર હાર્દિકસિંહ છુપાયો હોવાની માહિતી મળતા જ એસએમસીની ટીમે વોચ ગોઠવી કોચીના ચોપડી કોચુપલ્લી રોડ ઉપર આવેલ સ્વામી હોટલ પાસેથી ઝડપી લીધો હતો.હાર્દિકસિંહ ફરાર હોય તેની સામે અલગ અલગ ગુના નોંધાયા હતા જેમાં પ્રથમ ગુનો સુરતમાં નોંધાયો હોય જેથી પ્રથમ કબજો સુરત પોલીસે લીધો હતો. અને તપાસના અંતે તેને લાજપોર જેલહવાલે કર્યો હતો. જ્યાંથી ગોંડલ તાલુકા પોલીસે તેનો કબજો મેળવ્યો હતો. મોડીરાત્રે ૨ પોલીસ તેને લઈ ગોંડલ આવી પહોંચી હતી. હાર્દિક સિંહે ખરેખર ક્યા કારણથી ફાયરિંગ કરાવ્યું હતું તે બાબતના ખુલાસા થશે. આ કેસમાં ફાયરિંગ કરનાર અને મદદગારી કરનાર યુપીના ચાર આરોપીઓની અગાઉ જ એલસીબીએ ધરપકડ કરી હતી.આ આરોપીઓની પૂછપરછમાં તેમને રાજકોટમાં હાર્દિકસિંહના ચાર માણસો હથિયાર અને બાઈક આપી ગયાનો ખુલાસો વાસો થયો હતો. આ ચાર માણસો ખરેખર કોણ હતા તેનો પણ હાર્દિકસિંહના રિમાન્ડ દરમિયાન ખુલાસો થશે. ગોંડલ તાલુકા પોલીસ મથકના પી.આઈ એ.ડી. પરમાર સાથે પીએસઆઈ આર.જે.જાડેજા અને તેમની ટીમ તપાસ ચલાવી રહી છે.

# એટ્રોસિટી કેસમાં મહિલા DySPએ દોઢ લાખની લાંચ માંગી, ACBની ટ્રેપ

નાણાંની રકમ લેવા પહોંચેલા જમાદારને ગંધ આવી જતાં લાંચ લીધા વિના જ ભાગ્યાઃ એસીબીએ બન્ને સામે લાંચ માંગ્યાનો ગુનો નોંધ્યો



**મુખ્ય સમાચાર, તાપી**

તાપીના વ્યારામાં એસસીએસટી સેલના ડીવાયએસપી તરીકે ફરજ બજાવતાં મહિલા અધિકારી અને તેના રાઈટર એવા હેડ કોન્સ્ટેબલ વિરુદ્ધ દોઢ લાખની લાંચ માગ્યા બાદ એસીબીએ ટ્રેપ ગોઠવી બન્ને સામે ગુનો દાખલ કર્યો હતો.

આ અંગે એસીબી દ્વારા ડીવાયએસપી નીકિતા શીરોયા અને હેડ કોન્સ્ટેબલ નરેન્દ્ર રમણભાઈ ગામીત સામે ગુનો દાખલ કર્યો હતો. ડીવાયએસપી નીકિતા અને હેડ કોન્સ્ટેબલ નરેન્દ્રએ એટ્રોસિટી એક્ટ તેમજ દહેજ વિરોધી કાયદા હેઠળ ધરપકડ નહીં કરવાના બદલામાં ચાર લાખની લાંચ માંગી હતી. જો કે રકઝક બાદ દોઢ લાખ રૂપિયા ચૂકવવાનું નક્કી કરાયું હતું. વધુમાં જાણવા મળ્યા પ્રમાણે આ કેસના

મિત્રો મળી કુલ આઠ લોકો સામે કાકરાપાર ફરિયાદી તેમજ તેના પરિવારજનો અને બે પોલીસ મથકમાં એટ્રોસિટી એક્ટ તેમજ દહેજ વિરોધી કલમો હેઠળ ગુનો દાખલ થયો હતો. આ પછી ડીવાયએસપી નીકિતા વતી તેના રાઈટર નરેન્દ્રએ ફરિયાદીના મિત્રો તેમજ પરિવારજનોની ધરપકડ નહીં કરવા અને હેરાન નહીં કરવાના બદલામાં લાંચ માંગી હતી.

ફરિયાદીએ એસીબીને જાણ કરતાં એસીબીએ ટ્રેપ ગોઠવી ફરિયાદ જ્યાં રહે છે તે એલ એન્ડ ટી કોલોની બહાર રસ્તા ઉપર ટ્રેપ ગોઠવી હતી. જો કે ખાનગી ગાડી લઈને લાંચની રકમ લેવા આવેલા નરેન્દ્ર ગામીતને શંકા જતાં તેણે પૈસા લીધા વગર જ પોતાની ગાડી ભગાવી મુકતા ડીવાયએસપી અને રાઈટર વિરુદ્ધ ગુનો દાખલ કરાયો હતો.

# રાસ-ગરબામાં બહેનને હાથ અડી જતાં ભાઈએ ઠપકો આપતા ચાર શખ્સોનો હુમલો

લીમડા ચોકના શાસ્ત્રી મેદાનમાં રેલી પહોંચતા જ બઘડાટી બોલી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં રાવળ સમાજ દ્વારા રતનદાસ બાપુની રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રાસ રમતી યુવતિને હાથ અડી જવા મુદે ભાઈએ ઠપકો આપ્યાનો ખાર રાખી રેલી શાસ્ત્રી મેદાનમાં પહોંચતા યુવતિના ભાઈ પર ચાર શખસોએ છરી વડે હુમલો કર્યો હતો.તેમજ પોલીસ હાજર હતી છતાં બચાવવાના બદલે મૂકપ્રેક્ષક બની તમાસો નિહાળ્યાનો આક્ષેપ કરાયો છે. નાણાવટી ચોક નજીક આવેલી પરમેશ્વર સોસાયટીમાં રહેતા દિવ્યેશ મુકેશભાઈ ભોજક ઉ.૨૬ નામનો યુવક ગતરાત્રીના શાસ્ત્રીમેદાનમાં હતો ત્યારે મનીષ સહિત ચાર શખસોએ ઝઘડો કરી છરી વડે હુમલો કરતા સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડાયો હતો. પ્રાથમિક પુછ્તાછમાં રતનદાસ બાપુની રેલીનુ આયોજન કરવામાં આવ્યું હતું. રેલી દરમ્યાન મોટી ટાંકી ચોક પાસે રાસ રમતી વેળાએ હુમલાખોર શખસનો હાથ યુવકને બહેનને અડી જતા જેથી ઠપકો આપ્યાનો ખાર રાખી રેલી શાસ્ત્રી મેદાનમાં પહોંચતા હુમલો કરવામાં આવ્યો હોવાનું જણાવ્યું હતું.તેમજ યુવકના પિતાએ આક્ષેપ કર્યો હતો કે રેલમાં પોલીસ બંદોબસ્ત હતો અને પોલીસની હાજરીમાં બઘડાટી બોલી છતાં બચાવવાના બદલે મુકપ્રેક્ષક બની તમાસો નિહાળી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો.

# સુભાષનગરમાં સ્પામાં કામ કરતી યુવતીનો ફાંસો ખાઈ આપઘાત

આસામની વતની યુવતી રાજકોટમાં એકલી જ રહેતી હતી, પોલીસે પરિવારને જાણ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

સુભાષનગર વિસ્તારમાં આવેલ સોનલ એપાર્ટમેન્ટમાં રહેતી આસામની ૨૮ વર્ષીય યુવતીએ ગળાફાંસો ખાઈ જિંદગી ટૂંકાવી લીધી હતી. મૃતક અહીં એપાર્ટમેન્ટમાં એકલી રહેતી અને સ્પામાં નોકરી કરતી હતી.

આ અંગેની મળતી માહિતી મુજબ, સુભાષ નગર સાઈબાબાના મંદિર પાસે આવેલ સોનલ એપાર્ટમેન્ટ રહેતી અને રાજકોટમાં સ્પા સેન્ટરમાં નોકરી કરતી મૂળ આસામની પુર્ણિમા સુરેન્દ્ર મહંતો નામની ૨૮ વર્ષીય યુવતીએ બુધવારે મોડી રાત્રે પોતાના ઘરે પંખામાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. ઘટના અંગે જાણ ગાંધીગ્રામ પોલીસ મથકનો સ્ટાફ બનાવ સ્થળે પહોંચી જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ત્યારે તેણીએ ક્યાં કારણસર આ પગલું ભર્યું તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી ઘટના અંગે વતનમાં રહેતા તેના પરિવારને જાણ કરી હતી. આપઘાતના બીજા બનાવમાં ઈન્દિરા સર્કલ પાસે કોમલ એપાર્ટમેન્ટમાં રહેતો અને અહીં ચોકદારી કરતો નેપાળી સંજય પ્રેમભાઈ ટમટા નામના ૨૦ વર્ષીય યુવકે આજે સવારે ૧૦ વાગ્યા આસપાસ પોતાની રૂમમાં પંખામાં ચુંદડી બાંધીને ગળાફાંસો ખાઈ લીધો હતો. બહારથી યુવકનો મોટો ભાઈ રૂમમાં પ્રવેશતા જ સંજય લટકતો જોવા મળતા દેકારો મચી જવા પામ્યો હતો ત્યારે તેણે ક્યાં કારણસર આ પગલું ભર્યું તે અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.